RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 317, Dt.29-3-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

મ્યાનમાર - થાઈલેન્ડમાં ભૂકંપને કારણે ૧૦ હજારથી વધુના મોતનો દાવો

લોકો દહેશતમાંઃ અમેરિકી જિયોલોજીકલ સર્વેનાં મતે મૃત્યુઆંક ૧૦,૦૦૦ની આશંકા : મ્યાનમાર–થાઈલેંડમાં ભયાનક તબાહીઃ ચોતરફ વિનાશઃ હજુ સેકડો ફસાયેલ હાલતમાંઃ રાહત–બચાવ જારીઃ વિદેશોથી મદદની સરવાણી

મુખ્ય સમાચાર,બેંગ્કોક

શુક્રવારે ૭.૭ની તીવ્રતાના ભૂકંપે મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભારે વિનાશ સર્જ્યો હતો. મ્યાનમારમાં ભૂકંપના કારણે મળત્યુઆંક વધીને ૭૦૪ થયો છે અને ઘાયલોની સંખ્યા ૧,૬૭૦ થઈ ગઈ છે. યુએસ ભૂસ્તરશાષાીય સર્વેક્ષણે કહ્યું છે કે મળત્યુઆંક ૧૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. સતત ભૂકંપના આંચકા હજુ પણ અનુભવાઈ રહ્યા છે, જેનાથી લોકો ડરી રહ્યા છે.

શુક્રવારે રાત્રે ૧૧:૫૬ વાગ્યે મ્યાનમારમાં ફરી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શુક્રવારે સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૧:૫૬ વાગ્યે મ્યાનમારમાં ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ડ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભૂકંપની તીવ્રતા ૪.૨ હતી. તે ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યું હતું.

ભૂકંપથી થયેલા વિનાશનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ૩૦ માળની એક ઈમારત ધરાશાયી થઈ ગઈ, જેમાં ૪૩ કામદારો ફસાયા છે. ભૂકંપ બાદ બેંગકોકમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. મ્યાનમારને મદદ કરવા માટે ભારતે ઈ-૧૩૦ઉ વિમાન દ્વારા લગભગ ૧૫ ટન રાહત સામગ્રી મ્યાનમાર મોકલી છે. મ્યાનમાર લશ્કરી શાસન હેઠળ હોવા છતાં, ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા મદદ કરશે.

ચીને કહ્યું છે કે મ્યાનમારમાં આવેલા શક્તિશાળી ભૂકંપને કારણે કોઈ ચીની નાગરિકનું મોત થયું નથી. ચીનના વિદેશ મંત્રાલયે શનિવારે આ વાતની પુષ્ટિ કરી. રાજ્ય મીડિયાએ જાહેરાત કરી કે શોધ અને બચાવ પ્રયાસોમાં મદદ કરવા માટે ચીની ટીમ મ્યાનમાર પહોંચી છે. ભૂકંપના આંચકા ચીનના યુનાન અને ગુઆંગશી પ્રાંત સુધી અનુભવાયા હતા.

મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં ઓછામાં ઓછા ૨૫૫ લોકોના મોત થયા છે અને મળત્યુઆંક વધવાની આશંકા છે.

યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે વેબસાઈટ અનુસાર, શુક્રવારના ૭.૭ ની તીવ્રતાના ભૂકંપ પછી મ્યાનમારમાં ઓછામાં ઓછા ૧૪ ભૂકંપ આવ્યા છે. મોટા ભૂકંપના કેટલાક કલાકો પછી મોટાભાગના આફ્ટરશોક્સ આવ્યા હતા. તેમની તીવ્રતા ૩ થી ૫ ની વચ્ચે હતી. સૌથી શક્તિશાળી ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ હતો જે મોટા ભૂકંપના લગભગ ૧૦ મિનિટ પછી આવ્યો હતો.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ મ્યાનમાર અને થાઈલેન્ડને મદદની ઓફર કરી છે. ભૂકંપ બાદ તેમણે દક્ષિણપૂર્વ એશિયાઈ પડોશીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી, જેમાં ૧૫૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. તેમણે ટ્વિટર પર લખ્યું, મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપ માટે હું મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થના બંને દેશોના લોકો સાથે છે. ઈન્ડોનેશિયા અસરગ્રસ્ત વિસ્તારોમાં પુનર્નિર્માણ પ્રયાસો માટે જરૂરી તમામ સહાય પૂરી પાડવા તૈયાર છે.

બેંગકોકમાં આવેલા ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. બેંગકોકના ડેપ્યુટી ગવર્નર તાવિદા કામોલવેજે સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦ વાગ્યે આ વાતની પુષ્ટિ કરી. ૧૬ લોકો ઘાયલ થયા છે. દિન ડાએંગ, બાંગ સુ અને ચતુચક જિલ્લામાં ત્રણ બાંધકામ સ્થળોએથી ૧૦૧ લોકો ગુમ છે.

જ્યારે મ્યાનમાર અને થાઈલેન્ડ ભૂકંપને કારણે વિનાશનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારતનો બીજો પાડોશી દેશ ભૂકંપથી હચમચી ગયો છે. અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપથી ધરતી ધ્રુજી ઉઠી છે. સાંજે ૪:૫૧ વાગ્યે, ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. અડધા કલાકમાં, બીજો ભૂકંપ આવ્યો. ૫:૧૬ વાગ્યે ૪.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. હાલમાં કોઈ નુકસાનના સમાચાર નથી.

ભારતથી મ્યાનમારમાં લગભગ ૧૫ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે. રાહત સામગ્રીમાં તંબુ, સ્લીપિંગ બેગ, ધાબળા, તૈયાર ખોરાક, પાણી શુદ્ધિકરણ, સ્વચ્છતા કીટ, સૌર લેમ્પ, જનરેટર સેટ અને આવશ્યક દવાઓનો સમાવેશ થાય છે.

મ્યાનમારના જુન્ટાના વડા મીન આંગ હ્લેઈંગે સરકારી ટીવી પર ભાષણ આપતાં પુષ્ટિ કરી કે દેશમાં ભૂકંપને કારણે ૧૪૪ લોકોનાં મોત થયા છે. તેમણે કહ્યું કે ૭૩૨ ઘાયલ થયા છે. તેમણે આંતરરાષ્ટ્રીય સહાયની માંગણી કરીને કટોકટીની પણ જાહેરાત કરી.

ભૂકંપના કારણે બેંગકોકમાં મોટી તબાહી જોવા મળી હતી. સરકારી કચેરી માટે બનાવવામાં આવી રહેલી ૩૦ માળની ઈમારત થોડીક જ સેકન્ડોમાં કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ. પોલીસ અને તબીબી ટીમોનું કહેવું છે કે તેમાં ૪૩ કામદારો ફસાયેલા છે. ઈમારત ધરાશાયી થતાં જ બધે ધૂળ ફેલાઈ ગઈ.

યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે એ શુક્રવારે એક ભયાનક અંદાજ જાહેર કર્યો. ૨૯૭૯ અનુસાર, મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં મળત્યુઆંક ૧૦,૦૦૦ થી વધુ હોઈ શકે છે.

સીએનએનના અહેવાલ મુજબ, યુએસજીએસે ભૂકંપથી થયેલા અંદાજિત મળત્યુ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. આ ચેતવણી મોટી સંખ્યામાં જાનહાનિ અને વ્યાપક નુકસાન દર્શાવે છે. દેશની લશ્કરી સરકારે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૫૦ લોકોના મોતની જાણ કરી છે, પરંતુ કાટમાળ સાફ થયા પછી વધુ મળતદેહો મળી આવે તેવી અપેક્ષા છે.

ભારતે મ્યાનમારમાં ૧૫ ટન રાહત સામગ્રીનો પહેલો જથ્થો મોકલ્યા

મ્યાનમારમાં શુક્રવારે આવેલાં ભૂકંપમાં મૃત્યુઆંક ૧૦,૦૦૦થી વધુ થઈ શકે છે. આ અંદાજ યુનાઇટિડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે દ્વારા કરવામાં આવ્યો છે. ભૂકંપના આંચકા થાઈલેન્ડ, બાંગ્લાદેશ, ચીન અને ભારત સુધી અનુભવાયા હતા. રોઇટર્સ અનુસાર મ્યાનમારની લશ્કરી સરકારે કહ્યું છે કે મૃત્યુઆંક એક હજારને વટાવી ગયો છે, જ્યારે ૨,૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ૩૦ માળની ઈમારત ધરાશાયી થઈ છે. આમાં ૧૦ લોકોના મોત થયા છે. શુક્રવારે સવારે ૧૧:૫૦ વાગ્યે મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. આ ૨૦૦ વર્ષમાં મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલો સૌથી મોટો ભૂકંપ છે. ભારે તબાહીને કારણે મ્યાનમારનાં ૬ રાજ્યો અને સમગ્ર થાઈલેન્ડમાં કટોકટી લાદવામાં આવી છે. ભૂકંપ પછી ભારતે મ્યાનમારમાં ૧૫ ટન રાહત સામગ્રીનો પહેલો જથ્થો મોકલ્યો છે. તેને ઓપરેશન બ્રહ્મા નામ આપવામાં આવ્યું છે.

ભૂકંપ બાદ ચારે બાજુ કાટમાળ અને મોતનો માતમ છવાયો

મુખ્ય સમાચાર,બેંગ્કોક

ગઈકાલે મ્યાનમાર અને બેંગ્કોકમાં આવેલા ૭.૭ની તીવ્રતાના ભૂકંપે ભારે તબાહી મચાવી છે. વિનાશકારી ભૂકંપ બાદ આખું બેંગ્કોક અને મ્યાનમારમાં ઠેર ઠેર તબાહીના દ્રશ્યો નજરે પડી રહ્યા છે. ભૂકંપ બાદ જમીનદોસ્ત થઈ ગયેલી ઈમારતોના કાટમાળ નજરે પડી ગયા છે. સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે.

અનેક લોકો લાપતા બન્યા છે. મૃત્યુ આંક વધી શકે છે. લોકો કાટમાળમાં પોતાના સ્વજનને શોધતા નજરે પડી રહ્યા છે. સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભયનો માહોલ છે.

મ્યાનમાર, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, ભારત અને દક્ષિણ-પશ્ચિમ ચીન સહિત ૫ દેશોમાં ભૂકંપની અસર જોવા મળી હતી. ભારતમાં કોલકાતા, ઈમ્ફાલ, મેઘાલય અને ઈસ્ટ કાર્ગોહિલમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. બાંગ્લાદેશમાં ઢાકા, ચટગાંવ સહિત અનેક ભાગોમાં ૭.૩ની તીવ્રતાના જટકા આવ્યા હતા. મ્યાનમાં ૧૨ મિનિટ બાદ ફરી ૬.૪ની તીવ્રતાનો આફ્ટર શોક આવ્યો હતો. ભારતીય નાગરિક પ્રેમકિશોર મોહંતી બેંગ્કોકમાં રહે છે. તેમણે જણાવ્યું કે, જયારે ભૂકંપ આવ્યો ત્યારે તે દીકરીની સ્કુલમાં

હતા. મને ચક્કર આવવા લાગ્યા તો હું નીચે જમીન પર બેસી ગયો. ઉપર જોયું તો લાઈટોના થાંભલા ઝુલી રહ્યા હતા. મેદાન તરફ ભાગવાનું કહેવામાં આવ્યું. રસ્તા પર ઉંચી ઈમારતોમાં બનેલ સ્વીમીંગ પુલ પરથી પાણી ઝરણાંની જેમ નીચે વહી રહ્યું હતું. આ ભયાનક દ્રશ્ય હતું.

આરોગ્ય સેવાથી માંડીને પેન્શન જેવા ક્ષેત્રોમાં ખામી તથા ગેરરીતીનો ખુલાસો

અવસાન થઈ ગયુ હોય અથવા ગરીબી રેખામાંથી બહાર થવા છતાં પેન્શન ચાલુઃ કેગનો ઘટસ્ફોટ

મુખ્ય સમાચાર,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના અંતિમ દિવસે ગઈકાલે કેગ (કમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ)ને રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો તેમાં આરોગ્ય સેવાથી માંડીને પેન્શન જેવા ક્ષેત્રોમાં ખામી તથા ગેરરીતીનો ખુલાસો કરવામાં આવ્યો હતો. કેગ દ્વારા સરકારની ઝાટકણી કાઢવામાં આવી હતી. રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે ૨૦૧૬ થી ૨૦૨૨ માં ૯૮૮૩ મેડીકલ ઓફીસરોની ભરતી છતા રાજયમાં ડોકટરો તથા પેરા મેડીકલ સ્ટાફની ૨૩ ટકા અછત-જગ્યા ખાલી છે. મેડીકલ કોલેજ હોસ્પીટલોમાં સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબોની ૨૮ ટકા, જીલ્લા હોસ્પીટલોમાં ૩૬ ટકા તથા પેટા જીલ્લા હોસ્પીટલમાં ૫૧ ટકા જગ્યા ખાલી છે. રાજયનાં ૨૩ માંથી ૨૨ જીલ્લામાં ડોકટરો તથા પેરા મેડીકલ સ્ટાફની ૨૫ ટકા કરતા વધુ જગ્યા ખાલી છે. દેવભુમિ દ્વારકા કચ્છ, અમરેલી, તથા નર્મદા જીલ્લામાં હાલત વધુ ખરાબ હોય તેમા ૪૦ ટકાથી વધુ જગ્યા ખાલી છે. આ સિવાય મેડીકલ અધ્યાપકોની અછત વિશે પણ લાલબતી ધરવામાં આવી છે.

સરકારી મેડીકલ કોલેજોમાં ૪૯ ટકા તથા જીએમઈઆરએસ મેડીકલ

કોલેજોમાં ફેકલ્ટીની ૬૮ ટકા જગ્યા ખાલી છે. પ્રોફેસર કક્ષાએ અનુકમે ૫૯ ટકા તથા ૭૮ ટકા જગ્યા ખાલી છે. ૧૯ જીલ્લા હોસ્પીટલોમાં ૧૩ માં ઈમરજન્સી સેવા પણ આંશીક સ્તરે જ ઉપલબ્ધ છે. પાંચમાંથી ત્રણ હોસ્પીટલોમાં પિડીયાટ્રીકનાં અલગ ઓપરેશન થીયેટર નવી ૧૯ માંથી ત્રણમાં બ્લડ બેંકની સુવિધા નથી.

રિપોર્ટમાં એમ કહેવાયું છે કે દવાની ખરીદીની જવાબદારી સંભાળતા ગુજરાત મેડીકલ સર્વીસ કોર્પોરેશન દ્વારા ૧૦ થી ૧૫ ટકા આવશ્યક દવાના રેટ કોન્ટ્રાકટ ફાઈનલ કરવામાં ઢીલ કરવામાં આવી હતી. દવાની ગુણવતાનાં ટેસ્ટીંગ રીપોર્ટ પેન્ડીંગ હોવા વિશે પણ ટીકા કરાઈ હતી.

કેગ દ્વારા નેશનલ સોશ્યલ આસીસ્ટન્સ પ્રોગ્રામ હેઠળની ત્રણેય પેન્શન સ્કીમમાં ડુપ્લીકેટ પેન્શન ખાતાનો પણ ખુલાસો કરવામાં આવ્યો છે.

ભારતીય બંદર સત્તાવાળાઓની ગુજરાત તરફ આવી રહેલા રશિયાના જહાજ વિરૂધ્ધ કડક કાર્યવાહી

અસામાન્ય ઘટના : ૮ લાખ બેરલ ક્રૂડ ઈન્ડિયન ઓઈલને ડીલીવર કરવાનું હતું

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

ભારતીય બંદર સત્તાવાળાઓ ગુજરાત તરફ આવી રહેલા રશિયાના જહાજ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ જહાજમાં ૮ લાખ બેરલ હતા, રશિયન જહાજે નિયમો તોડતા ભારતે જહાજને પરત મોકલી દીધું છે.રશિયન જહાજ ભારત સ્થિત ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને ૮,૦૦,૦૦૦ બેરલની સપ્લાય કરવા આવ્યું હતું, જોકે અપૂરતા દસ્તાવેજોના કારણે ક્રૂડ ઓઈલ ભરેલા જૂના ટેન્કરો ગુજરાતના બંદરે એન્ટ્રી કરે તે પહેલા જ જહાજને અટકાવી દેવાયું છે. સામાન્ય રીતે આવી ઘટના બનતી નથી, ક્રૂડ ઓઈલ લાવનારા જહાજો સામે કડક તપાસ શરૂ કરાઈ હોવાના સંકેત મળી રહ્યા છે. ભારત સૌથી વધુ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી કરે છે. તેની રશિયાના દરિયાથી ભારતમાં સપ્લાય કરવામાં આવે છે. ભારતે વર્ષ ૨૦૨૪માં ક્રરેલા ક્રૂડ ઓઈલના આયાતમાંથી સૌથી વધુ રશિયાનો ૩૫ ટકા હિસ્સો હતો. વિશ્વભરમાં ભારત જ સૌથી વધુ ક્રૂડ ઓઈલની આયાત અને નિકાસ કરે છે. શિપિંગ ડેટા મુજબ, રશિયન ક્રૂડ ઓઈલ કંપની લુકોઈલે ઉત્તર રશિયાના મરમંસ્ક બંદરથી લગભગ ૧,૦૦,૦૦૦ મેટ્રીક ટન (લગભગ ૮,૦૦,૦૦૦ બેરલ) ક્રૂડ ઓઈલ સાથેનું જહાજ ભારત તરફ મોકલ્યું હતું. તાંઝાનિયા ઝંડા લગાવેલા અંડમાન સ્કાઈસ નામનું જહાજ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને ડિલીવરી કરવા માટે ગુજરાતના



વાડિનાર બંદર તરફ વધી રહ્યું હતું. ભારતીય નિયમો મુજબ, ૨૦ વર્ષથી વધુ જૂના જહાજો પાસે ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ ક્લાસિફિકેશન સોસાયટીના કોઈપણ સભ્યનું અથવા ભારતના દરિયાકાંઠા સત્તાવાળા દ્વારા સત્તાવાર એકમ તરફથી નદરિયાઈ યોગ્યતા પ્રમાણપત્ર મેળવો જરૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ અંડમાન સ્કાઈજ નામનું જહાજ વર્ષ ૨૦૦૪માં બન્યું હતું અને તે ડિસેમ્બરમાં જ ભારત આવ્યું હતું. તે વખતે તેમની પાસે ભારત આધારીત ડકાર ક્લાસ સર્ટિફિકેટ ન હતું.

ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં નવા ઈન્વેસ્ટરોનાં રજીસ્ટ્રેશનમાં ૫૫.૫ ટકાનો મોટો ઘટાડો

- **સુરતમાં ૫૫.૧ તથા અમદાવાદમાં ૫૪ ટકાનો ઘટાડો**

મુખ્ય સમાચાર,ગાંધીનગર

શેરબજારમાં સળંગ પાંચ મહિના ચાલેલી મંદીનો ભરડો માર્ચમાં છુટયો છે.પરંતુ તે પૂર્વે ફેબ્રુઆરીમાં ગભરાટના માહોલને કારણે વેપાર તથા રોકાણકારોની સંખ્યામાં મોટો ઘટાડો હતો. ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં નવા ઈન્વેસ્ટરોનાં રજીસ્ટ્રેશનમાં ૫૫.૫ ટકાનો મોટો ઘટાડો થયો હતો.

નેશનલ સ્ટોક એકસચેંજના આંકડાકીય રીપોર્ટ મુજબ ફેબ્રુઆરીમાં

માત્ર ૬૫૦૦૦ નવા ઈન્વેસ્ટરો નોંધાયા હતા જે સંખ્યા ૧.૫૦ લાખની હતી. ઈન્વેસ્ટરો ઘટવાને પગલે નવા રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો ૮.૯ ટકાથી ઘટીને ૫.૭ ટકા થઈ ગયો હતો અને રાષ્ટ્રીય રેન્કીંગમાં ગુજરાત ૩ માંથી દ્વઠ્ઠા ક્રમે નીચે ઉતરી ગયુ હતું. ગુજરાતમાં નવા ઈન્વેસ્ટરોનાં રજીસ્ટ્રેશનની સંખ્યા જુન ૨૦૨૩ પછીના સૌથી નીચા સ્તરે રહી હતી. જુન ૨૦૨૩ માં ૮૦,૦૦૦ નવા ઈન્વેસ્ટરોનું રજીસ્ટ્રેશન હતું. ફેબ્રુઆરી ૨૦૨૪ માં ૧.૪૬ લાખ નવા ઈન્વેસ્ટર નોંધાયા હતા.

શેરબજારમાં મંદીના ઈફેકટથી માત્ર ગુજરાત જ નહિં રાષ્ટ્રીય સ્તરે નવા ઈન્વેસ્ટરોનાં રજીસ્ટ્રેશનમાં ઘટાડો થયો હતો. દેશ લેવલે નોંધણી ૩૧.૨ ટકા ઘટીને માત્ર ૧૧.૩ લાખ હતી જે આગલા મહિનામાં ૧૬.૫ લાખ હતી. નવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં ઘટાડા છતાં ૯૮.૮૬ લાખ રોકાણકારો સાથે કુલ સંખ્યામાં ગુજરાતનો ત્રીજો રેન્ક યથાવત રહ્યો હતો. મહારાષ્ટ્રમાં નવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં ૩૬ ટકા તથા ઉતર પ્રદેશમાં ૨૭ ટકાનો ઘટાડો જણાયો હતો.

શેરબજારનાં જાણકારોએ કહ્યું કે ફેબ્રુઆરી મહિનામા સેન્સેકસ ૭૭૫૦૫ થી ઘટીને ૭૩૧૯૮ તથા નીફટી ૨૩૪૮૨ થી ઘટીને ૨૨૧૨૪ થયો છે.

ચૈત્રી નવરાત્રીના પડઘમ વાગતા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખથી લઈને ગુજરાતના પ્રદેશ પ્રમુખની ચર્ચા શરૂ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

આવતીકાલથી ચૈત્રી નવરાત્રી અને હિન્દુઓનું નવુ વર્ષ શરુ થતા જ હવે ફરી એક વખત ભાજપના રાષ્ટ્રીય પ્રમુખથી થઈને ઉતરપ્રદેશ તેમજ ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખોની નિયુક્તિની ચર્ચા એ વેગ પકડયુ છે અને અત્યાર સુધી 'ભારે' દિવસો ચાલતા હતા પણ હવે કાલથી મુર્હુત ઘી મુર્હુત છે અને તેથી ભાજપ હવે નવી નિયુક્તિના શ્રીગણેશ કરશે તેમ માનવામાં આવે છે.

પ્રથમ તબકકામાં ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખો નિયુક્ત થશે જયારે રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ એપ્રિલના મધ્યમાં થાય તેવી ધારણા છે. દેશનાં છ રાજયોમાં હજુ ભાજપે પ્રદેશ પ્રમુખ અને સંગઠનમાં બદલાવ કરવાનો છે જેમાં ઉતરપ્રદેશ અને ગુજરાત જેવા રાજયોનો પણ સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ નકકી કરવા માટે હવે ભાગ્યે જ કોઈ વિઘ્ન છે. આ માસમાં જ નવા જિલ્લા અને મહાનગર પ્રમુખો નિયુક્ત થઈ ગયા છે અને જે બે-ચાર સ્થળો પર બાકી છે ત્યાં પણ નવા પ્રદેશ પ્રમુખના આગમન બાદ હવે નિયુક્તિ થશે.

તો બીજી તરફ જયાં જયાં જિલ્લા અને મહાનગર પ્રમુખો નિયુક્ત થયા છે ત્યાં હવે વોર્ડ કક્ષાએ સંગઠન નવરચનાની પ્રકિયા હાથ ધરાશે. જેમાં સૌપ્રથમ વોર્ડના મહામંત્રી અને કારોબારી અને બાદમાં મહાનગર કે જિલ્લાના મહામંત્રીઓ અને અન્ય સંગઠન હોદેદારોની નિયુક્તિ થશે. આ માટે હાલમાં જ ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકરે ઝોનવાઈઝ બેઠકો યોજી હતી અને તેમાં નવા પ્રમુખોને સંગઠન રચના અંગે માર્ગદર્શન આપ્યુ હતું.

જયારે પ્રદેશ પ્રમુખ નિયુક્ત કરવા માટે ભાજપે કેન્દ્રીય મંત્રી અને રાજયના પ્રભારી ભુપેન્દ્ર યાદવને નિયુક્ત કર્યા હતા પણ તેમને પિતૃશોક થતા તેમનું ગુજરાતમાં આગમન વિલંબમાં મુકાયુ હતું. પરંતુ હવે એક પખવાડીયાથી વધુ સમય થઈ ગયો હોવાથી એક કે બે દિવસમાં જ ગુજરાત આવે અને નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિ અંગે પ્રકિયા હાથ ધરે તેવી ધારણા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપમાં આટલી મોડી સંગઠન નવરચના કદી થઈ નથી અને તેથી જ કાર્યકર્તાઓને પણ આશ્ચર્ય છે. રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિમાં તા.૩૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગપુરમાં સંઘ કાર્યાલયે જઈ રહ્યા છે.

તેમની વડાપ્રધાન બન્યા બાદની અને હાલની સ્થિતિમાં સંઘના ટોચના નેતૃત્વ સાથે બેઠક પણ મહત્વની બની રહેશે. જે રીતે ભાજપ અને આરએસએસ વચ્ચે નવા રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિના મુદે મતભેદ હોવાના ખબર છે તે વચ્ચે આ મુલાકાત પર સૌની નજર છે.

ધોરાજીના ઉમરકોટમાં જંગલખાતાની ૨૦૦ વિઘા જમીન પર થયેલા દબાણો તોડી પડાયા

આશરે ૨૩.૫૦ કરોડ રૂપિયાની જમીન ખુલ્લી કરાવીને જંગલખાતાને સોંપાઈઃ જિલ્લા કલેક્ટરના આદેશ મુજબ ધોરાજી પ્રાંત અધિકારીની કડક કાર્યવાહી

મુખ્ય સમાચાર, ધોરાજી

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના આદેશ અને ધોરાજી પ્રાંત અધિકારી નાગાજણ તરખાલાની આગેવાનીમાં આજે ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામમાં દબાણ હટાવ ઝુંબેશ હેઠળ આશરે ૨૦૦ વિઘા જમીન પરથી ૨૩.૫૦ કરોડ રૂપિયાની જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યું છે.

પ્રાંત અધિકારીની યાદીમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૦ની સાલમાં ભાદરના જળાશયમાં જંગલ ખાતાની ડૂબમાં ગયેલી જગ્યા અન્વયે આશરે ૩૩ હેકટરથી વધુ જમીન ઉમરકોટ ગામના સર્વે નંબર ૧૦ પૈકી ૧ અને ૭૫ પૈકી ૨ની જમીન જંગલ ખાતાને ફાળવવામાં આવી હતી. જો કે આ પૈકીની આશરે ૩૧ હેક્ટરથી વધુ જગ્યાઓમાં છેલ્લા ૧૫ વર્ષથી દબાણદારોએ ગેરકાયદે દબાણો કરી દેવામાં આવ્યા હતા.

ઉમરકોટ ગામની મુલાકાત દરમિયાન આ દબાણ ધ્યાને આવતા દબાણ દૂર કરવાની કાર્ય પધ્ધતિ મુજબ કલમ-૬૧ નીચે કેસો ચલાવી અને કલમ-૨૦૨ નીચે આખરી નોટીસો આપવામાં આવી હતી. છતાં દબાણ દૂર ના કરાતા, આજરોજ ડિમોલીશન હાથ ધરીને ૧૯ દબાણદારોએ કરેલા આશરે ૨૦૦ વિઘા જેટલી જમીન પરના દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. જેની બજાર કિંમત આશરે ૨૩.૫૦ કરોડ રૂપિયાથી વધુ થાય છે. આ કામગીરીમાં આઠ જેસીબી, ૧૫ ટ્રેકટર અને અન્ય સાધન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ જમીન ખુલ્લી કરાવીને દબાણ રહિત કબજો આજરોજ જંગલ ખાતાને સોંપી દેવામાં આવ્યો છે. દરમિયાન તપાસમાં એવું પણ સામે આવ્યું હતું કે, આ ૧૯ દબાણદારો પૈકી ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુજરાત રાજ્યના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાયેલા છે. આ દબાણ દૂર કરવા મામલદાર આર.કે.પંચાલ, ચીફ ઓફિસર જયમલ મોઢવાડીયા,નાયબ કાર્યપાલક ઈજનેર ખોરસીયા, પોલીસ ઈન્સ્પેકટર ગોહિલ અને તેઓની ટીમ, ડી.આઈ.એલ.આર.કચેરીની ટીમ, પીજીવીસીએલ તરફથી

નાયબ કાર્યપાલક ઈજનેર સોલંકી અને તેની ટીમ ઉપરાંત આશરે ૫૦થી વધુ કર્મચારીઓ, ૬૦થી વધુ પોલીસ સ્ટાફ સાથે કુલ ૧૧૦ લોકોની ટીમ સમગ્ર કામગીરીમાં જોડાઈ હતી.

મોરબીમાં વ્યાજખોરી અને અપહરણ મામલે ત્રણ વ્યાજખોર સામે ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીમાં વધુ એક વ્યાજખોરીમાં યુવકનું અપહરણ કરી માર મારવાની ઘટના સામે આવી છે, જેમાં યુવકે અલગ અલગ બે વ્યાજખોરો પાસેથી ઉંચા વ્યાજે લીધેલા રૂપિયાની ચુકવણી કરવા છતાં, વધુ રૂપિયાની લાલચે ફોન ઉપર અવાર નવાર ધમકી આપી માનસિક ત્રાસ આપતા વ્યાજખોરોએ કારમાં યુવકનું અપહરણ કરી તેને મૂઢ માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણ ઈસમો વિરુદ્ધ ભોગ બનનાર દ્વારા ફરિયાદ નોંધાવતા, પોલીસે ત્રણેય આરોપીઓ સામે મનીલેન્ડ એક્ટ સહિતની કલમો હેઠન ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો મુજબ, મોરબીના રાજપર ગામે રહેતા હરેશભાઈ ગોરધનભાઈ વડગાસીયા ઉવ.૩૪ એ બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રવીભાઈ સવજીભાઈ મારવણીયા રહે.રાજપર તા.જી.મોરબી, કેલ્વીનભાઈ પટેલ તથા વિશાલભાઈ વિનોદભાઈ પારેજીયા એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી હરેશભાઈએ આરોપી રવિભાઈ પાસેથી વીશ લાખ ૩૦% ના વ્યાજે લીધેલ હોય અને રૂ.બત્રીસ લાખ ચુકવી આપેલ હોય તેમજ આરોપી વિશાલભાઈ પાસેથી કટકે કટકે રૂ.વીશ લાખ ૧૫ % તથા ૩૦ % વ્યાજે લઈ ૨૭ લાખ ચૂકવી દીધા હોય તેમ છતા વધુ રૂપીયા ચુકવવા અવાર નવાર ફોન તેમજ રૂબરૂ આવી ફરિયાદી હરેશભાઈને ધાક ધમકી આપતા હોય, તેમજ આરોપી વિશાલભાઈના સાઢુભાઈ આરોપી કે લ્વિનભાઈ થતા હોય, જેના મારફતે અવાર-નવાર વ્યાજે આપેલ રૂપીયાની ઉઘરાણી કરાવતા હોય, ત્યારે ગઈ તા.૨૭/૦૩ના રોજ આરોપી રવિભાઈ તથા વિશાલભાઈએ ફરિયાદી હરેશભાઈને લખધીરપુર ગામની પ્રથમીમ શાળાના ગેઈટ પાસે બોલાવી, બળજબરીથી સ્વીફટ ગાડીમા અપહરણ કરી લઈ જઈ હરેશભાઈને શરીરે મુંઢ ઈજાઓ કરી,ભુંડા બોલી ગાળો આપી,જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મુજબની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે ટર્સનેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ સમિતિની બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ સમિતિ જામનગરના અધ્યક્ષ કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને સમિતીની ત્રિમાસીક બેઠક, અને સેવારત તથા પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ અંગેની બેઠકનું કલેક્ટર કચેરીના સંભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં નિવૃત જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી માસિક આર્થિક સહાય, દિકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતિમ ક્રિયા સહાય, યુદ્ધ જાગીર ભથ્થુ તથા કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયની વિગત કચેરીના મુખ્ય કારકુન યોગેશ સોનીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી રજુ કરી હતી તેમજ પુર્વ સૈનિકો તથા મંડળો તરફથી મળેલ મુદ્દાઓ બાબતે કલેક્ટર સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

બેઠકમાં જામનગર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી કમાન્ડર સંદિપ જયસ્વાલે (નિવૃત) પસશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળથ અંગેની વિગતો આપતા જણાવ્યુ હતુ કે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જામનગરને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન જામનગર જિલ્લાના દાતાશ્રીઓએ ફાળવેલ લક્ષ્યાંક રૂ ૨૦,૦૦,૦૦૦/- ની સામે કુલ રૂ ૪૫,૧૮,૧૯૪/- એકત્ર કરી કુલ ૨૨૫.૯૦% નો ફાળો એકત્ર કરવામાં મહત્વનો ફાળો આપેલ છે.તથા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધીમાં ૨૨ પરિવારોને રૂ. ૧૨,૮૮,૯૦૦ની માસીક આર્થિક સહાય ૦૧ પરિવારને રૂ. ૨૭,૫૦૦ની દિકરી લગ્ન સહાય તેમજ ૧૨ પરિવારોને અંતીમ ક્રિયા સહાય પેટે રૂ.

૧,૨૦,૦૦૦.ની એમ કુલ રૂ. ૧૪,૩૬,૪૦૦.ની સહાય ચુકવવામાં આવેલ છે.ઉક્ત બેઠકમાં કલેક્ટરએ જામનગરની જનતાને સશસ્ત્ર સેના ધ્વજદિન માટે ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરેલ હતી તથા પૂર્વ સૈનિકો, સ્વ.સૈનિકોના ધર્મપત્ની અને તેઓના આતીને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સવલતો મળી રહે તે માટેની કાર્યવાહીને પ્રાધાન્ય આપી સરકાર તરફથી લાગુ પડતી તમામ સહાયના લાભો સમયસર લાગુ પડતા લાભાર્થીઓને મળી રહે તે બાબતની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચન કરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, ઈન્ડીયન આર્મી, ઈન્ડીયન નેવી, અને ઈન્ડીયન એર ફોર્સના અધિકારીઓ, પ્રમુખ હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ, તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાં એનડીપીએસના કેસમાં આરોપી શરતી જામીન પર મુક્ત

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીની ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ (એનડીપીએસ સ્પેશિયલ કોર્ટ) દ્વારા એનડીપીએસના ગુનામાં પરપ્રાંતિય આરોપીને શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે, આરોપીએ રાજસ્થાનથી માદક પદાર્થ ગાંજો અને હેરોઈનનો જથ્થો મોકલ્યો હોવાનું તપાસ એજન્સીમાં સામે આવ્યું હતું. ત્યારે આરોપી પક્ષના વકીલ મોરબીના જે.ડી.અગેચાણીયા અને આર.ડી.ચાવડાની કાયદાકીય દલીલો અને સર્વોચ્ચ ન્યાયાલયના અગાઉના ચુકાદાને ગ્રાહ્ય રાખી મોરબી એનડીપીએસ સ્પેશિયલ કોર્ટ દ્વારા આરોપીને શરતી જામીન ઉપર મુક્ત કરવા આદેશ જારી કરાયો છે.

કેસની ટુક વિગત મુજબ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં આરોપી જગદીશ ઠાકરારામ કોસલારામ હડા વિરુદ્ધ ફરિયાદ હતી કે, તે તથા તેના સાગરિતોએ રાજસ્થાનમાંથી ગાંજો અને હિરોઈન ૧૪૯.૬૦ ગ્રામ, કુલ કિંમત રૂ. ૭.૪૮ લાખનો જથ્થો મોરબી લાવી કબજામાં રાખ્યો હતો. પોલીસ રેઈડ દરમિયાન આ જથ્થો ઝડપાયો હતો, જેમાં હાલના આરોપીએ ઉપરોક્ત જથ્થો રાજસ્થાનથી મોકલ્યો હતો, જેના આધારે પોલીસે આરોપીને ઝડપી એનડીપીએસ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી પક્ષે મોરબી જીલ્લાના જાણીતા વકીલ જે.ડી. અગેચાણીયા અને આર.ડી. ચાવડાએ જામીન અરજી દાખલ કરી હતી.

આ કેસની મોરબીની ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ (એનડીપીએસ સ્પેશિયલ કોર્ટ)માં આરોપી પક્ષના વકીલો દ્વારા દલીલ કરી હતી કે ટ્રાયલ લાંબો સમય ચાલશે અને જામીન ન મળે તો આરોપીનું ભવિષ્ય જોખમમાં પડશે. આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. જેલમાં રહેવાના કારણે પરિવારને આર્થિક અને સામાજિક નુકસાન થશે. નક્ષત્રજામીન એ નિયમ અને જેલ એ

અપવાદસ્વરૂપ સિદ્ધાંત અનુસાર આરોપી માટે જામીન જરૂરી છે. આ સિવાય તેઓએ સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ રજૂ કર્યા હતા. ત્યારે કોર્ટ દ્વારા બંને પક્ષની દલીલો સાંભળી આરોપી પક્ષના વકીલોની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીના શરતી જામીન મંજુર કરાયા હતા. આ કેસમાં આરોપી તરફે વકીલ જે.ડી. અગેચાણીયા, આર.ડી. ચાવડા, દિલીપભાઈ અગેચાણીયા અને કુલદીપ ઝીઝુંવાડીયા રોકાયેલ હતા.

જામનગરમાં પ્રેસ ફોટોગ્રાફરના વિડીયો ફોટાની ચોરી અટકાવા એસપીને લેખિત ફરીયાદ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરમાં અખબારો, ન્યુઝ ચેનલ તથા ઓથોરાઈઝડ ડિજીટલ મિડીયાના પત્રકારો દ્વારા ફિલ્ડમાં ફોટોગ્રાફસ અને વિડીયો શુટિંગ કરવામાં આવે છે અને પોતાના પ્લેટફોર્મ પર તેને પ્રસિધ્ધ કરવામાં આવે છે પરંતુ કેટલાક અનરજીસ્ટર્ડ અને અનઓથોરાઈઝડ લોકો દ્વારા આવા વિડીયો ન્યુઝ તેમજ અન્ય કન્ટેન્ટ ચોરી કરીને અનઅધિકૃત રીતે પોતાના પ્લેટફોર્મ પર અથવા પોતાના એકાઉન્ટમાં ચલાવે છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી આ ગેરકાનૂની પ્રેકટિસ સામે અધિકૃત પત્રકારો અને કેમેરામેનોએ પોતાના કલટેન્ટ ચોરી સામે વિરોધ દર્શાવ્યો છે. ત્યારે આવા કલટેન્ટ ચોરી કરીને પોતાની ચેનલ કે પ્લેટફોર્મ ચલાવતા અનઅધિકૃત લોકો સામે કોપી રાઈટ એકટ સહિત આઈટી

એકટની જુદી-જુદી કલમો અંતર્ગત કાર્યવાહી કરવા જામનગર એસપીને રજૂઆત કરવામાં આવી છે.રજૂઆતમાં એવી માંગણી પણ કરવામાં આવી છે કે, આવા લોકોને ચોરી કરેલા કન્ટેન્ટ તાત્કાલિક હટાવવા સૂચના આપવામાં આવે તેમજ તેઓ જે સ્થળેથી આ પ્રકારની પ્રવૃતિ કરતાં હોય તે સ્થળે દરોડા પાડી તેમના સંશાધનો કબજે કરવા પણ માંગણી કરવામાં આવી છે.કોઈપણ પ્રકારની મહેનત કર્યા વગર પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ફોલોઅર્સ વધારવા તેમજ ચેનલને મોનેટાઈઝ કરી અનઅધિકૃત રીતે નાણાં કમાવવાની આ પ્રવૃત્તિ તાત્કાલિક અટકાવવાની જરૂર હોવાનું પણ જણાવવામાં આવ્યું છે. સાથે-સાથે એવી દહેશત પણ દર્શાવવામાં આવી છે કે, આવા સોશિયલ મીડિયા હેન્ડલરો દ્વારા ભવિષ્યમાં ચોરી કરેલા કન્ટેન્ટથી લોકોને બ્લેકમેઈલ કરવાની સંભાવનાઓ પણ વધી જાય છે.

સતાધારી પક્ષના હોદ્દેદારોને સ્ટેજ પર સ્થાન, વિરોધપક્ષની અવગણના અંગે લેખિત રજુઆત

- મુખ્યમંત્રીના કાર્યક્રમમાં અસમાનતા અંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખે પ્રશ્ન ઉઠાવ્યા

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીમાં ૨૬ માર્ચના રોજ યોજાયેલા મુખ્યમંત્રીના કાર્યક્રમમાં સતાધારી પક્ષના હોદ્દેદારોને સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું, જ્યારે વિરોધ પક્ષના નેતાઓને અવગણવામાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ જીલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરી આ અંગે ઉકેલ લાવવા તેમજ યોગ્ય પ્રત્યુત્તર આપવાની માંગ કરી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યું કે મોરબીમાં ૨૬ માર્ચના રોજ રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા લોકાર્પણ

કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં માત્ર સતાધારી પક્ષના હોદ્દેદારોને સ્ટેજ પર બેસાડવામાં આવ્યા હતા, જ્યારે વિરોધ પક્ષના હોદ્દેદારોને નજરઅંદાજ કરવામાં આવ્યા અને પ્રાણપ્રશ્નોની રજુઆત કરવાની પણ તક આપવામાં આવી નહોતી. તો શું વિરોધપક્ષના હોદ્દેદારો મોરબીના પ્રાણપ્રશ્નોને લઈને રજુઆત પણ ન કરી શકે ? તેમજ આ સરકારના કાર્યક્રમમાં સતાધારી પક્ષના હોદ્દેદારોને સ્ટેજ પર સ્થાન આપવું યોગ્ય છે ? જેનો યોગ્ય ખુલાસો કરી પ્રત્યુતર પાઠવવા સહિતની માંગ સાથે લેખિત રજુઆત કરી હતી.

મોરબીમાં મહારાણા સાંગાજી અંગે અપમાનજનક નિવેદન પર રાજપૂત કરણી સેનાનો ઉગ્ર વિરોધઃ સાંસદ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ

મુખ્ય સમાચાર,મોરબી

રાજ્યસભામાં મહારાણા સાંગાજી અંગે અપમાનજનક નિવેદન કરનાર સમાજવાદી પાર્ટીના સાંસદ રામલાલ સુમન માફી માંગે તેમજ તેની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ સાથે મોરબી શ્રી રાજપૂત કરણી સેના દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન આપી રજુઆત કરવામાં આવી છે.

મોરબી શ્રી રાજપૂત કરણી સેના દ્વારા જીલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, તાજેતરમાં રાજ્યસભાની અંદર સમાજવાદી પાર્ટીના સાંસદ રામલાલ સુમન દ્વારા પરમ પ્રતાપી વીર યોદ્ધા મહારાણા સાંગાજીના ગૌરવવંતિત ઈતિહાસને ખોટી રીતે અપમાનજનક ભાષામાં વાત કરી રજૂ કરી, મુઘલ પ્રેમી લોકોને ખુશ કરવા આ હીન કૃત્ય કર્યું છે. ત્યારે સમગ્ર દેશવાસીઓની લાગણીને તો ઠેશ પહોંચી જ છે પરંતુ સાથે સાથે ભારતના ગૌરવશાળી ઈતિહાસને પણ ડાઘ લગાડવાનો પ્રયાસ કર્યો છે, તો આ બાબતે શ્રી રાજપૂત કરણી સેનાની માંગણી છે કે સાંસદ રામલાલ સુમન ઝડપથી પોતાની ભૂલ સ્વીકારી માફી માંગે, અને તેની ઉપર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને આ સાંસદને ભારતની સંસદમાંથી સસ્પેન્ડ કરવામાં આવે એવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી હતી.

દારૂના કેસમાં ચાર વર્ષથી ફરાર શખ્સ ઝડપાયો

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરના સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ દારૂ અંગેના કેસમાં ચાર વર્ષથી ફરાર રહેલા આરોપીને કચ્છના આદિપુરથી જામનગર પોલીસે ઝડપી લીધો છે.આ અંગેની વિગત અનુસાર જામનગરના સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૨માં નોંધાયેલા દારૂબંધીના ભંગના ગુન્હામાં ફરાર રહેલો આરોપી શખ્સ લાલા કાળા માજીરાણા નામનો ૩૦ વર્ષનો ભીલ શખ્સ કચ્છના આદિપુરમાં હોવાની બાતમી મળી હતી.આ બાતમીના આધારે જામનગર પોલીસની એબ્સકોન્ડર-પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ એમ.વી.ભાટીયા તથા એ.એસ.આઈ ગોવિંદ ચૌહાણ

તથા લખધીરસિંહ જાડેજા, કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સલીમ નોયડા, મહિપાલ સાદીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હાર્દિક ભટ્ટ તથા કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર પટેલ, દિવ્યરાજસિંહ જાડેજા અને એલસીબીના નિર્મળસિંહ જાડેજા તથા બળવંતસિંહ પરમાર આદિપુર જઈ આરોપીને ઝડપી લીધો હતો.

જામનગર જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં આવેલ ૭૩ જેટલી અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.

જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેકટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી.ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેકટરએ પ્રયાસો કર્યા હતા.આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે ખાનગી સ્થળે દબાણ, સંપાદનની બાકી રકમ, ક્વોરી લીઝના પ્રશ્નો, પાર્કિંગ તથા ટ્રાફીકના પ્રશ્નો, જમીન રી-સર્વેમાં ક્ષતિ સુધારણા, હક પત્રકમાં સુધારા, જમીન માપણીના પ્રશ્નો, ડ્રેનેજના પ્રશ્નો, સ્વચ્છતાના પ્રશ્નો, અતિવૃષ્ટિના કારણે થયેલ નુકસાનીના વળતરના પ્રશ્નો, કેનાલના કામો પુર્ણ કરવા, રદ કરાયેલ વીજ જોડાણ પુનઃકાર્યાન્વિત કરવા વગેરે જેવા પ્રશ્નોને કલેકટરએ સાંભળ્યા હતા તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી માનવીય અભિગમ દાખવી ત્વરિત આ પ્રશ્નોનો નિકાલ લાવવા તાકીદ

કરી.હતી.અરજદારોએ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની

લાગણી વ્યક્ત કરી હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા,ડીઆરડીએ નિયામક શારદા કાથડ, સર્વે પ્રાંત અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુપાલન અધિકારી, માર્ગ અને મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ, સિંચાઈ વિભાગ, ઉંડ જળ સિંચન વિભાગ, પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેરઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરઓ, પી.જી.વી.સી.એલ.ના અધિકારી તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

એસ.ટી. બસ ભાડામાં ૧૦% નો વધારો, મધ્યરાત્રીથી વધારો લાગુ

મુખ્ય સમાચાર,મોરબી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યમાં સંચાલિત તમામ એસ.ટી. બસોના ભાડામાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો ૨૮મી માર્ચ ૨૦૨૫ ની મધ્યરાત્રીથી લાગુ થશે. નિગમ દ્વારા મોંઘવારી અને વ્યવહાર ખર્ચને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો છે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ એસ.ટી. બસ ભાડામાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે, જે ૨૮મી માર્ચ ૨૦૨૫ ની મધ્યરાત્રીથી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ વધારાને પગલે રાજ્યભરના લાખો મુસાફરોને વધારાના ભાડા ચુકવવાનો વારો આવ્યો છે. આ સાથે ભાડા વધારાની મુખ્ય વિગતોમાં ૨૮મી માર્ચ ૨૦૨૫ ના રાત્રિ ૧૨:૦૦ કલાકથી નવા ભાડા લાગુ થશે, નવા ભાડા ઉપરાંત ઝ્રજ્ઞ, ટોલ ટેક્સ સહિતના અન્ય ચાર્જ અલગ વસુલાશે, બાળક મુસાફરો માટે ભાડું પુખ્ત વયના મુસાફર ભાડા કરતાં અડધું રહેશે, નોન-એ.સી. સ્લીપર બસમાં બર્થ માટે વધારાનું રૂ. ૯૦ વસુલાશે, શહેરી પોઈન્ટ સર્વિસ માટે રૂ.૨ વધારાનું ભાડું લાગુ પડશે, નવા ભાડાનો અમલ તમામ પાસ માટે પણ લાગુ પડશે, ઓનલાઈન બુકિંગ કરાવનાર મુસાફરોને ભાડા તફાવત મુસાફરી દરમિયાન ચુકવવો પડશે.

જે બાદ ફરી એકવાર મુસાફરો માટે ખર્ચ વધ્યો છે. મોરબી-રાજકોટ રૂટ પર ચાલતા વર્તમાન ભાડા ૫૧ રૂપિયા હતો, જે હવે વધીને ૫૬ રૂપિયા થશે. એસ.ટી. નિગમ દ્વારા નવી બસોની ખરીદી, કર્મચારીઓના પગાર-ભથ્થાં અને ડીઝલના વધતા ભાવોને ધ્યાનમાં રાખીને આ વધારો લાગુ કરાયો છે. આ નિર્ણયથી સામાન્ય જનતાને મુસાફરી માટે વધુ ખર્ચનો સામનો કરવો પડશે, તો બીજી તરફ એસ.ટી. નિગમ માટે આવકમાં વધારો થશે.

મનપાની સ્ટે.કમીટીની બેઠકમાં ૫૫.૬૪ કરોડના વિકાસ કામોને મંજૂરી

(તસ્વીરઃ આનંદ જાવિયા)

બાકી વેરામાં હમ્મા સિસ્ટમ યોજના એપ્રિલથી શરૂ જામનગર રોડથી સ્માર્ટ સીટીનો ૨.૧ કિ.મી.નો નવો રીંગ રોડ વિકસશે :બાકી વેરામાં હમ્મા સિસ્ટમની યોજના એપ્રિલથી શરૂ સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડ ને જોડતા હયાત વોકળો ડાઈવર્ટ કરી નવું બોક્સ કલવર્ટ બનાવવાની દરખાસ્ત રિટેન્ડર કરાઈ : લીગલ ઈન્ટર્ન ભરવાની દરખાસ્ત પેન્ડિંગ

મુખ્ય સમાચાર,રાજકોટ

મ્યુનિ. કોર્પોરેશનની ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની સ્ટે.કમીટીની અંતિમ મીટીંગ આજે સવારે ૧૧ કલાકે ચેરમેન જયમીન ઠાકર ની અધ્યક્ષતામાં મળી હતી જેમાં જુદા જુદા વિકાસ કામો સહિતની કુલ ૩૯ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જેમાં સર્વેશ્વર ચોક માં હયાત વકરો ડાયવર્ટ કરી નવું કલવટ બોક્સ બનાવવાની દરખાસ્ત રિટેન્ડર કરાઈ હતી વધુમાં જામનગર રોડથી સ્માર્ટ સીટીનો ૨.૧ કિ.મી.નો નવો રોડ ડેવલપ કરવાની દરખાસ્ત મંજુર કરાઈ હતી

સરકાર પાસે જનભાગીદારી હેઠળ કરવાના જુદા જુદા પ્રાથમિક સુવિધાના ૨૬૫૯.૨૭ લાખના કામો માટે દરખાસ્ત મોકલાવામાં આવી છે જેમાં ૭૦ ટકા લેખે ૧૮૬૧ લાખનો ફાળો સરકારનો અને ૨૬૫ લાખનો ફાળો ૧૦ ટકા લેખે મનપાનો રહેશે. ઈસ્ટ ઝોનમાં ૧૨૦૮ લાખ, વેસ્ટ ઝોનમાં ૧૨૯૬ લાખ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૫૩ લાખના આ વિકાસ કામો કરવામાં આવશે.

સામાકાંઠે વોર્ડ નં.૫માં આડા પેડક રોડ પર વિવેકાનંદ સ્વીમીંગ પુલ આવેલો છે. રેસકોર્સ સ્વીમીંગ પુલ બાદ હવે આ સ્વીમીંગ પુલનું રીનોવેશન કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. જે માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા સદગુરૂ ડેવલપરના ૯.૫૦ ટકા ઓન સહિત ૮૦.૫૪ લાખમાં આ રીનોવેશન કરવા દરખાસ્ત મંજુર કરાઈ હતી

કોર્પો.ના મિલ્કત વેરા અને પાણી ચાર્જ પેટે લેણી નીકળતી રકમ સરળતાથી મળી રહે અને વધુમાં વધુ મિલ્કતધારકો એડવાન્સ વેરો ભરવા પ્રોત્સાહિત થાય તે માટે બજેટમાં વન ટાઈમ સેટલમેન્ટ સ્કિમ મુકવામાં આવી છે. એપ્રિલથી આ વેરામાં હમ્મા યોજનાનો અમલ થાય તે માટે આજની મીટીંગમાં તેના નિયમોને મંજૂરી આપવામાં આવશે.ઋઋ

૩૧-૫-૨૫ સુધીમાં મિલ્કત ધારકે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને ચાલુ વર્ષની ૧૦૦ ટકા અને એરીયર્સની ૨૫ ટકા રકમ પ્રથમ હમ્મા પેટે ભરવાની રહેશે. બાકીની ૭૫ ટકા રકમ ત્રણ વર્ષમાં ૨૫-૨૫ ટકા લેખે ભરી શકશે. ભુતકાળમાં પણ આ પ્રકારની યોજના મુકવામાં આવી હતી તે ઉલ્લેખનીય છે.

ન્યુ રાજકોટના વેસ્ટ ઝોનમાં વોર્ડ નં.૧૧માં આવેલ ટીપી સ્કીમ ૨૭ના પ્લોટ ૨૯-એમાં ૩.૩૧ કરોડના ખર્ચે આરોગ્ય કેન્દ્ર તથા ૨.૬૯ કરોડના ખર્ચે વોર્ડ ઓફિસ બનાવવાનું મહત્વનું કામ મુકવામાં આવ્યું છે.

રાજકોટ મહાપાલિકાના વેસ્ટ ઝોન હેઠળ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ (જામનગર હાઈવેથી સ્માર્ટ સીટી) ડેવલપ કરવાના કામ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જીએસટી સહિત ૩૦.૮૬ કરોડનું એસ્ટીમેટ મુકવામાં આવ્યું હતું. ૨૧૦૦ રનીંગ મીટર (૨.૧ કિ.મી.)ના રસ્તામાં બંને તરફ ૧૦.૫ મીટરનો કેરેજ-વે, સ્ટોર્મ ડ્રેનેજ વોટર લાઈન, બે બોકસ કલ્વર્ટના કામથી અર્ધો લાખ લોકોને ફાયદો થવાનો છે.

આ ટેન્ડર પ્રક્રિયામાં ક્લાસીક નેટવર્ક કંપનીએ ૦.૪૫ ટકા ઓછા ભાવથી કામની ઓફર આપતા જીએસટી સહિત ૩૦.૭૦ કરોડમાં આ નવો રોડ ડેવલપ થઈ શકશે.

આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ ૫૫.૬૪ કરોડના નવા વિકાસ કામોને મંજૂરી અપાય હતી શહેરની મધ્યમાં ડો.યાજ્ઞિક રોડ લાગુ સર્વેશ્વર ચોકમાં નવા વોંકળાનું કામ ચાલી રહ્યું છે. આ કામમાં ૧.૮૦ કરોડ જેવી મોટી રકમનો વધુ ખર્ચ મંજૂર કરવા ગત મીટીંગમાં પેન્ડીંગ રાખવામાં આવેલી દરખાસ્ત આજે ફગાવી રિટેન્ડર કરાઈ હતી

આ નવા વોંકળાનું કામ મંજૂર થયા બાદ વધુ મોટુ કામ નીકળ્યાનું કહીને ઈજનેરોએ ૧.૮૦ કરોડનો નવો ખર્ચ મુકયો છે. મુળ કામ કરતા ૪૦ ટકા જેવો નવો ખર્ચ નીકળતા પદાધિકારીઓએ અધિકારીઓ પાસે રીપોર્ટ માંગ્યો હતો.

આ ઉપરાંત થોડા સમય પહેલા જુદા જુદા વિસ્તારમાં પે એન્ડ પાર્કના કોન્ટ્રાકટ માટે દરખાસ્ત આવી હતી પરંતુ તેના ભાવ નીચા લાગતા ચેરમેને રી-ટેન્ડર કરાવ્યા હતા.

જે મંજૂર કર્યા હતા ઉલ્લખનીય છે કે પી એન પાર્કિંગ સાઈટ કોન્ટ્રાક્ટ પર આપતા મનપાને ૭૨.૨૮ લાખ આવક થશે જ્યારે વાહન સ્ક્રેપ વેચાણ ને કારણે ૪૧.૭૭ લાખની આવક થશે આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સદસ્યો તેમ જ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૨૮ મેની ઓખા-પુરી એક્સપ્રેસ રદ

મુખ્ય સમાચાર,રાજકોટ

દક્ષિણ મધ્ય રેલ્વેના સિકંદરાબાદ ડિવિઝનમાં આવેલા મહબૂબાબાદ સ્ટેશન પર કાઝીપેટ-કોંડાપલ્લી સેક્શનમાં ત્રીજી લાઈન પેચ ટ્રિપલીંગના કામ માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે, ૨૮.૦૫.૨૦૨૫ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નં. ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ અને ૨૫.૦૫.૨૦૨૫ ના રોજ પુરીથી ઉપડનારી ટ્રેન નં. ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ રદ કરવામાં આવી છે. ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in **ની મુલાકાત લઈ શકે છે.**

૨ એપ્રિલે અભયભાઈ ભારદ્વાજનો જન્મદિનઃ ૫ બ્રહ્મરત્નોને પરશુરામ એવોર્ડ

અંશ ભારદ્વાજ અને તેની ટીમ દ્વારા કાલાવડ રોડ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાશે કાર્યક્રમ :પુષ્કરરાય કલ્યાણજી જાની- ડો.જગદીશ ત્રિવેદી- રાજેન્દ્ર રાવલ- ડો.જે.જે.રાવલ- ભરત યાજ્ઞિકનું એવોર્ડ આપી સન્માન કરાશે

મુખ્ય સમાચાર,રાજકોટ

પરશુરામ યુવા સંસ્થાન- રાજકોટ દ્વારા સંસ્થાનના સ્થાપક, રાજ્યસભાના સાંસદ, પ્રખર ધારાશાસ્ત્રી, પરશુરામ શોભાયાત્રાના પ્રણેતા, બ્રહ્મસમાજની અડીખમ સેવાના ભેખધારી, રાષ્ટ્ર અને સમાજ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર, ઉમદા કાનૂનવિદ, કર્મઠ નેતા, અભયભાઈ ભારદ્વાજ દ્વારા સન ૧૯૮૯માં સંસ્થાનની રચના કરી, બ્રાહ્મણોને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું હતું. ત્યારબાદ અભયભાઈ દ્વારા બ્રહ્મસમાજ કોઈ એક ઉત્સવમાં સમાજના બધા વર્ગના લોકો સાથે મળીને ઉજવે એવા ઉમદા વિચારથી દેશની સૌપ્રથમ પરશુરામ શોભાયાત્રા વેરાવળ-સોમનાથથી અભયભાઈના દ્વારા સન ૧૯૯૧માં શરૂ કરવામાં આવી હતી. સાથે જ અભયભાઈએ સમાજ શકિત જાગૃત થાય, સમાજના સજ્જન લોકો આગળ આવે તેવા વિચારથી બ્રહ્મપ્રતિભાઓ કે જેમનું સામાજ પ્રત્યે મુઠીભર યોગદાન હોય તેવા બ્રહ્મ કર્મયોગીઓને પરશુરામ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવાની પરંપરા અભયભાઈ દ્વારા શરૂ કરવામાં આવી હતી. અભયભાઈ દ્વારા સન ૧૯૯૪ થી સન ૨૦૨૦ સુધી પરશુરામ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. અભયભાઈના કૈલાશગમન બાદ પણ પરશુરામ યુવા સંસ્થાન દ્વારા આ પરંપરાને અવિરત પણે શરૂ રાખી દર વર્ષે પાંચ બ્રહ્મ રત્નોને પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન અને સેવાકિય કામ બદલ અભયભાઈના જન્મદિન નિમિત્તે પરશુરામ એવોર્ડ આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરવાનું કામ સંસ્થાન દ્વારા કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષ પણ તા.૦૨ એપ્રિલના બુધવારે સાંજે ૫:૩૦ વાગ્યાથી બીએપીએસ સ્વામીનારાયણ મંદિર(કાલાવડ રોડ)ના શ્રી અભયભાઈના જન્મદિવસ નિમિત્તે પરશુરામ યુવા સંસ્થાન - રાજકોટ દ્વારા પાંચ બ્રહ્મરત્નોને નક્ષત્રપરશુરામ એવોર્ડથથ અર્પણબ કરવામાં આવશે. પાંચ બ્રહ્મપ્રતિભા કે જેમણે સમાજ માટે અને પોતાના ક્ષેત્રે વિશેષ યોગદાન પ્રદાન કરી રાષ્ટ્ર અને સમાજનું નામ આગળ ધપાવ્યું છે તેવા પાંચ બ્રાહ્મણોને પુજનીય સંતો, સામાજિક આગેવાનો, રાજકિય આગેવાનો, વિવિધ સ્તરના અગ્રણીઓ અને બ્રહ્મપરીવારોની હાજરીમાં તેમનું નક્ષત્રપરશુરામ એવોર્ડથથ અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

રાજ્યના પુર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આયોજીત. સમારોહનું ઉદઘાટન હિન્દુ ધર્મ આચાર્ય સભાના સંયોજક તેમજ આર્ષ વિદ્યામંદિર, રાજકોટના પ.પૂ. પરમાત્માનંદ સરસ્વતીજીના હસ્તે કરવામાં આવશે. સમારોહનું દિપ પ્રાગટય શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટના કોઠારી સ્વામીશ્રી પુજ્ય બ્રહ્મતીર્થ સ્વામી તથા આંતરરાષ્ટ્રીય શિવ કથાકાર પુત્રય ડો.લંકેશ બાપુના વરદ હસ્તેથી કરવામાં આવશે.

સાથે બી.એ.પી.એસ. સ્વામીનારાણય મંદિર, રાજકોટના પુજ્ય અપુર્વમુની સ્વામીજી સમારોહમાં આશીર્વચન પાઠવશે. ઉપરાંતમાં સમારોહમાં જે સંતોનું પાવન સાનિધ્ય પ્રાપ્ત થવાનું છે તેમાં પુજય ઘનશ્યામજી મહારાજ (ભુવનેશ્વરી પીઠ, ગોંડલ), પુજ્ય જૈન્તિરામ બાપા (સત પુરણ ધામ, ધુનડા) અને પુજ્ય રમેશભાઈ શુકલ (કાલભૈરવ મંદિર, પાલીતાણા)ની પાવન ઉપસ્થિતીમાં સંપૂર્ણ સમારોહ યોજાશે.

કાલથી લોહાણા મહાજન દ્વારા જીગ્નેશ દાદાની ભાગવત સપ્તાહનો પ્રારંભ

સુપ્રસિધ્ધ ભાગવતચાર્ય પુ. જીગ્નેશદાદાના વ્યાસાસને રાજકોટના વિશાળ રેસકોર્ષ મેદાન ખાતે ચૈત્રી નવરાત્રી તા. ૩૦ માર્ચ થી ૫ એપ્રિલ દરમિયાન સામાજીક સેવાકીય આયોજન

મુખ્ય સમાચાર,રાજકોટ

વિશ્વનાં સૌથી મોટા લોહાણા મહાજન પરાજકોટ લોહાણા મહાજનથ દ્વારા પિતૃઓના મોક્ષાર્થે તથા તેઓના આત્માની શાંતિ અર્થે ચૌત્રી નવરાત્રી ૩૦ માર્ચથી ૫ એપ્રિલ,૨૦૨૫ દરમ્યાન સુપ્રસિધ્ધ ભાગવતચાર્ય જીગ્નેશદાદા નસ્ત્રરાધે રાધેસ્ત્રસ્ત્રના વ્યાસાસને રાજકોટનાં વિશાળ રેસકોર્ષ મેદાન ખાતે ૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય-દિવ્ય-અલૌકીક આયોજન કરવામાં આવ્યું છે. કથાનો સમય દરરોજ બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધીનો રહેશે અને દરરોજ કથા વિરામ બાદ હક્કારો ભાવિકો મહાપ્રસાદ લેશે. કથામાં હક્કારો ભાવિકો-વૈષ્ણવો-સનાતનીઓ કૃષ્ણમય બનીને પુણ્યનું ભાથું બાંધશે. તા. ૩૦ માર્ચ રવિવારનાં રોજ બપોરે ૨ વાગ્યે રાજકોટનાં વિરાણી હાઈસ્કુલનાં મેદાનથી વિશાળ શોભાયાત્રા શરૂ થઈને સરદારનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ થઈને રેસકોર્ષ મેદાન ખાતે પવિત્ર ભાગવત પોથીજીનું સ્થાપન કરવામાં આવશે. શોભાયાત્રામાં ડ્રેસકોડ સાથે સાફા પહેરેલા યુવાનો બાઈક રેલી સાથે જોડાશે. ઉપરાંત સેંકડો ગાડિઓ પણ જોડાશે. મહિલા મંડળના બહેનો પણ રાસગરબાની રમઝટ બોલાવશે.

પવિત્ર ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહમાં શ્રીરામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, શ્રી વામન જન્મોત્સવ સહિતનાં ઉત્સવો ધામધુમથી ઉજવાશે. રોજ રાત્રે ૯ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવશે. સમગ્ર ભાગવત સપ્તાહને અકિલા પરિવારનાં મોભી જ્ઞાતિશ્રેષ્ઠી કિરીટભાઈ ગણાત્રાનો સહકાર તથા માર્ગદર્શન પ્રાપ્ત થઈ રહ્યા છે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહનાં ભવ્ય-દિવ્ય-અલૌકીક આયોજનને સફળ બનાવવા રાજકોટ લોહાણા મહાજનનાં -પ્રમુખ રાજુભાઈ પોબારૂ, કારોબારી પ્રમુખ ડો. નિશાંતભાઈ ચોટાઈ, મહાજન ઉપપ્રમુખ રૂપલબેન રાજદેવ, મંત્રી શ્રીમતિ રીટાબેન કોટક, ખજાનચી ધવલભાઈ કારીયા, ટ્રસ્ટીઓ જીતુભાઈ ચંદારાણા, કિશોરભાઈ કોટક, હરીશભાઈ લાખાણી, એડવોકેટ શ્યામલભાઈ સોનપાલ, ડો. પરાગભાઈ દેવાણી, હિરેનભાઈ ખખ્ખર, એડવોકેટ .તુષારભાઈ ગોકાણી, શૈલેષભાઈ પાબારી, દિનેશભાઈ બવારીયા, એડવોકેટ મનિષભાઈ ખખ્ખર, ડો. જનકભાઈ ઠક્કર, મુકેશભાઈ પાબારી, ડો. ભાવેશભાઈ સચદે, ડો.ચેતનભાઈ હિંડીચા, ધવલભાઈ ખખ્ખર, રીટાબેન કુંડલીયા, અલ્પાબેન બરછા, અલ્કાબેન પુજારા, નિકીતાબેન નથવાણી, ડો.કૃપાબેન ઠક્કર, ભાવિનીબેન ખખ્ખર, સીમાબેન રાજદેવ, મહાજન વાડી એડમિનિસ્ટ્રેટર હિતેનભાઈ પારેખ-દક્ષિણી, પિયુષભાઈ ગોકાણી, વિમલભાઈ લાખાણી, ભુવનેશભાઈ ચાંદ્રાણી, મૌલિકભાઈ ચાંદ્રાણી, ચેતનભાઈ દેવાણી, જીગરભાઈ વિઠ્ઠલાણી, પરેશભાઈ તન્ના, નવદિપભાઈ દતાણી, ભાવિકભાઈ એરડા, દર્શિતભાઈ ચૌહાણ, નિલેશભાઈ ગોંડલીયા, હિતેષભાઈ અનડકટ, જયેશભાઈ કક્કડ, ભાવેશભાઈ રૂપારેલીયા, શુભમભાઈ રઘુરા, ભાવિકભાઈ પોપટ, અભયભાઈ પોપટ, કિરીટભાઈ કેશરીયા, દિપભાઈ કોટેચા, કપિલભાઈ ગણાત્રા, નિલેશભાઈ કોટેચા, પિયુષભાઈ અભાણી સહિતની સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહયા છે.

(તસ્વીરઃ આનંદ જાવિયા)

તા.૧ એપ્રિલથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જન્મ-મરણ પ્રમાણપત્રના દરમાં વધારો

મુખ્ય સમાચાર,રાજકોટ

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના ગુજરાત રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ (એમેન્ડમેન્ટ) રૂલ્સ - ૨૦૨૫ અમલમાં લાવવા સારૂ. તા. ૨૭/૦૨/૨૦૨૫ના ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરેલ છે. અને આ સુધારો ગત તારીખ ૨૭/૦૨/૨૦૨૫થી અમલમાં આવેલ છે. સુધારા અનુસાર નિયમ ૫ મુજબ ડઅગાઉ કોઈ મોડી નોંધણી (૨૧ દિવસ થી વધુ)અર્થેની ફી રૂ. ૨.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૨૦.૦૦ કરવામાં આવેલ છે.અગાઉ કોઈ મોડી નોંધણી(૧ માસ થી ૧ વર્ષ) અર્થેની ફી રૂ. ૫.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૫૦.૦૦ કરવામાં આવેલ છે. અગાઉ કોઈ મોડી નોંધણી (૧ વર્ષ થી વધુ) અર્થેની ફી રૂ. ૧૦.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૧૦૦.૦૦ કરવામાં આવેલ છે.સુધારા અનુસાર નિયમ ૧૩ મુજબ અગાઉ કોઈ રેકર્ડ ની શોધાઈ અર્થેની ફી રૂ. ૨.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૨૦.૦૦ કરવામાં આવેલ છે.

અગાઉ કોઈ રેકર્ડ ની વધારાના વર્ષની શોધાઈ અર્થેની ફી રૂ. ૨.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૨૦.૦૦ કરવામાં આવેલ છે.

કોઈ જન્મ કે મરણના પ્રમાણપત્ર મેળવવા અર્થેની ફી રૂ. ૫.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૫૦.૦૦ કરવામાં આવેલ છે. અગાઉ કોઈ રેકર્ડ ની અપ્રાપ્ય પ્રમાણપત્ર અર્થેની ફી રૂ. ૨.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર રૂ. ૨૦.૦૦ કરવામાં આવેલ છે.

સુધારા અનુસાર નિયમ ૧૬ મુજબ આ નિયમના પેટા નિયમ (૧), (૨) અને (૩) અનુસાર કોઈ ગુનાના દંડની રકમ રૂ. ૨૫.૦૦ હતી તે વધારીને રૂ. ૨૫૦.૦૦ કરેલ છે. આ નિયમના પેટા નિયમ (૪) અનુસાર કોઈ ગુનાના દંડની રકમ રૂ. ૧૦.૦૦ હતી તે વધારીને રૂ. ૧૦૦.૦૦ કરેલ છે. ઉપરોક્ત વિગતના રાજ્ય સરકારના સુધારેલ નિયમો અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ આ ફી વધારો અમલ કરવો જરૂરી હોઈ આગામી તા. ૦૧/૦૪/૨૦૨૫ થી રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આ ફી વધારો અમલ માં મૂકવામાંઆવેલછે.

જાહેર રજાના દિવસે મનપાની વેરા વસૂલાત શાખામાં કામગીરી ચાલુ

નાગરિકો ટેક્સ ભરપાઈ કરવા સહિતની કામગીરી માટે ટેક્સ શાખાનો સંપર્ક કરી શકશે

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસૂલાતશાખામાંઆવતીકાલતા.૩૦, માર્ચને રવિવારે અને તા.૩૧, માર્ચને સોમવારેજાહેર રજાના દિવસે પણ કામગીરી ચાલુ રહેશે. નાગરિકો વેરો ભરપાઈ કરવા સહિતની ટેક્સ સંબંધિત અન્ય કામગીરી માટે ટેક્સ શાખાનો સંપર્ક કરી શકે છે.

ઉપરોક્ત વિષય અન્વયે વેરા-વસુલાત શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની સઘન ટેક્સ રીકવરી ઝુંબેશ ચાલુ હોઈ,અરજદારોને વેરા-શાખાને લગત કામકાજમાં તથા વેરા ભરપાઈ કરવા સરળતા રહે તે હેતુથી,તા:૩૦-૦૩-૨૦૨૫ અને તા:૩૧-૦૩-૨૦૨૫ના રોજ રજાઓના દિવસમાં રીકવરી,એસેસમેન્ટ તથા વસુલાત સબંધિત કામગીરી માટે વેરા-વસુલાત શાખા ઝોન ઓફીસો,તમામ વોર્ડ ઓફીસો અને સિવિકસેન્ટરો ચાલુ રાખવામાં આવેલ છે.

જાહેર રજાના દિવસે એટલે કે, તા.૩૦-૦૩-૨૦૨૫, રવિવારના રોજ તમામ સિવિક સેન્ટર, તમામ વોર્ડ ઓફિસ અને તમામ ઝોન ઓફિસ ખાતે સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ વાગ્યા સુધી વેરા વસુલાતની કામગીરી ચાલુ રહેશે તેમજ તા.૩૧-૦૩-૨૦૨૫, સોમવારના રોજ તમામ સિવિક સેન્ટર અને તમામ વોર્ડ ઓફિસ ખાતે સવારે ૧૦:૦૦ થી ૦૬:૦૦ વાગ્યા સુધી અને તમામ ઝોન ઓફિસ ખાતે સવારે ૧૦:૦૦ થી ૦૭:૦૦ વાગ્યા સુધી વેરા વસુલાતની કામગીરી ચાલુ રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા નાગરીકોને સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે અને વધતી માંગને ધ્યાનમાં રાખીને વેરા વસુલાત શાખાના કામના કલાકો વધારવામાં આવ્યા છે. જેથી નાગરીકોને નમ્ર વિનંતી કરીએ છીએ કે જો વેરો ભરપાઈ કરવાનો બાકી હોઈ તો તેઓ આ રજાના દિવસોમાં વેરો ભરપાઈ કરે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

શહેરમાં બ્લેક ફિલ્મ વાળા ૨૪૯ વાહન ચાલકો સામે ટ્રાફીક ડ્રાઈવમાં કાર્યવાહી

અલગ અલગ ભંગ બદલ ૧.૨૪ લાખનો દંડ વસુલાયો

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં ફોર વ્હીલ વાહનોમાં બ્લેક ફિલ્મ લગાવી રોફ જમાવતા તત્વો સામે ટ્રાફિક પોલીસે ખાસ ડ્રાઈવ યોજી આમ ૨૪૯ વાહનો માંથી બ્લેક ફિલ્મ દુર કરી આવા વાહન ચાલકો પાસથી રે; ૧,૨૪,૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી નિયમનો ભંગ કરનાર સામે સ્પેશીયલ ડ્રાઈવ યોજવામાં આવે છે. જેના કારણે ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓમાં પણ ઘટાડો જોવા મળ્યો. હાલ ટ્રાફિક પોલીસ ફેન્સી નંબર પ્લેટ કે અન્ય ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ પર દંડનીય કાર્યવાહી કાર્ય બાદ બ્લેક ફિલ્મ લગાવી રોફ જમાવતા તત્વો સામે કાર્યવાહી કરી હતી. પોલીસ કમિશ્નર બ્રિજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ટ્રાફિક પુજા યાદવની સુચના અને એસીપી એસીપી જે.બી.ગઢવીના માર્ગદર્શન હેઠળ * શહેરમાં બ્લેકફિલ્મ રાખનાર વાહન ચાલકો વિરૂધ્ધ ખાસ ડ્રાઈવનુ આયોજન કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.જેમાં રાજકોટ શહેર વિસ્તારમાં અલગ અલગ પોઈન્ટ પર ખાસ બ્લેકફિલ્મ અંગે ખાસ ડ્રાઈવનુ આયોજન કરવામાં આવેલ જેમાં રાજકોટ શહેર ટ્રાફિકશાખા દ્વારા ઉત્તર વિભાગ દ્વારા કુલ ૨૯ કેસો કરી કુલ રૂ. ૧૪,૫૦૦ દેડ દંડ વસુલ કર્યો હતો તેમજ પુર્વ વિભાગ દ્વારા કુલ ૯૪ કેસો કરી કુલ રૂ. ૪૭,૦૦૦ દંડ તથા દક્ષિણ વિભાગ દ્વારા કુલ ૬૮ કેસો કરી રૂ. ૩૪,૦૦૦ નો દંડ તથા પશ્ચિમ વિભાગ દ્વારા કુલ ૫૮ કેસો કરી રૂ. ૨૯,૦૦૦ દંડ કરવામાં આવેલ આમ કુલ ૨૪૯ કેસો કરી કુલ રેડ ૧,૨૪,૫૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો હતો. શહેરમાં

ટ્રાફિકના નિયમનું પાલન કરાવવા ટ્રાફિક પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે.

હેલ્મેટ, ફેન્સી અને નંબર પ્લેટ વિનાના વાહન ચાલકો તેમજ બ્લેક ફિલ્મ સામે ખાસ ડ્રાઈવ બાદ હવે ટુક સમયમાં રોંગસાઈડ વાહન ચાલકો પર ખાસ ડ્રાઈવ યોજવાના છે. રોંગસાઈડ વાહન ચલાવવાના કારણે વાહન અકસ્માતના ગંભીર બનાવો અવાર નવાર સર્જાય છે. આ અકસ્માતોમાં મૃત્યુંદર અને ગંભીર ઈજાઓના બનાવો પણ બને છે. જેથી શહેરમાં રોડ અકસ્માતોના બનાવો ઘટે અને તેમજ ટ્રાફિકના નિયમોનું યોગ્ય રીત પાલન થાય તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા આવનાર શહેરમાં દિવસોમાં ખાસ ડ્રાઈવ યોજાશે જેમાં રોંગ સાઈડમાં વાહન ચલાવનાર વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

એચ.એન. શુક્લા કોલેજની નર્સિંગની છાત્રાનો ફાંસો ખાઈ આપઘાત

ચાલુ કલાસે તાવ અને માથાના દુઃખાવાનું કારણ દર્શાવી રજા લઈ હોસ્ટેલમાં ગયા બાદ પગલું ભર્યું

મુખ્ય સમાચાર,રાજકોટ

મૂળ વિછીયા પંથકની વતની અને હાલ રાજકોટમાં એચ.એન. શુક્લા કોલેજમાં નર્સિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી છાત્રાએ કોઈ અગમ્ય કારણસર કોલેજની હોસ્ટેલમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે કરણ કલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ વિછીયા પંથકની વતની અને હાલ રાજકોટમાં ભીચરી રોડ ઉપર આવેલ એચ.એન. શુક્લા કોલેજમાં અભ્યાસ કરતી અને કોલેજની જ હોસ્ટેલમાં રહેતી પાયલબેન મનુભાઈ ખીહડિયા નામની ૧૯ વર્ષની છાત્રા બપોરના અરસામાં હોસ્ટેલમાં પોતાના રૂમમાં હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જ્યાં ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કરતા આ અંગે કુવાડવા રોડ પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ કુવાડવા રોડ પોલીસ મથકના એ.એસ.આઈ. મોહિતભાઈ કુંભરવાડીયા સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવતીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. અને આ ઘટના અંગે મૃતક યુવતીના પરિવારને જાણ કરતા પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પાયલબેન ખીહડીયા મૂળ વિંછીયા પંથકની વતની હતી અને એચ.એન. શુક્લા કોલેજની હોસ્ટેલમાં રહી એચ.એન. શુક્લા કોલેજમાં જ નર્સિંગના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી હતી ચાલુ ક્લાસ દરમિયાન પાયલબેન ખીહડીયા તાવ અને માથાના દુખાવાના કારણે તબિયતના તંદુરસ્ત હોવાથી શિક્ષક પાસેથી રજા લઈને હોસ્ટેલમાં જતી રહી હતી જ્યાં કોઈ અગમ્ય કારણસર આત્મઘાતી પગલું ભરી લીધું હતું. બાદમાં નિત્યક્રમ મુજબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી હોસ્ટેલમાં પરત ફરતા રૂમમાં પાયલબેન ખીજડીયાનો મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યો



હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકના એ.એસ.આઈ. મોહિતભાઈ કુંભરવાડીયા સહિતના સ્ટાફે પાયલબેન ખીહડીયાના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

કુવાડવા ગિરીરાજ હોસ્પિટલમાં ચોટીલા પંથકની પરિણીતાનુ મોતઃ બેદરકારીનો આક્ષેપ

- શ્વાસની બીમારી સબબ ચુવતી સારવારમાં હતી

મુખ્ય સમાચાર,રાજકોટ

ચોટીલા તાલુકાનાં પીપરાળી ગામે રહેતી પરણીતાને ૮ દિવસ પહેલા શ્વાસની બિમારી અને ઓકિસજન ઓછુ હોવાનાં કારણે કુવાડવા ખાતે આવેલી ગીરીરાજ હોસ્પિટલમા દાખલ કરાઈ હતી જયા તેણીને રજા આપ્યા બાદ ફરી તબીયત લથડતા પરીવાર દ્વારા ગીરીરાજ હોસ્પિટલમા દાખલ કરવામા આવી હતી. ગઈકાલે પરીવારજનોએ મહીલાની તબીયત વિશે પુછપરછ કરી તબીયત ખરાબ હોય તો રાજકોટ અથવા અમદાવાદ લઈ જવા માટેનુ કહેતા તબીબે સારૂ છે અને તમે ગમે ત્યા લઈ જાવ ત્યા મને જ બોલાવશે તેવો જવાબ આપ્યા બાદ મહીલાનુ બે કલાકમા મોત નીપજયુ હતુ. મહિલાનાં મોતથી પરીવારમા અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. તબીબી બેદરકારીનાં કારણે મહીલાનુ મોત

નીપજયુ હોવાનો પરીવારજનોએ સનસનીખેજ આક્ષેપ કરતા મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે રાજકોટ સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામા હોસ્પિટલ આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાનાં પીપરાળી ગામે રહેતી રાધાંબેન અરજણભાઈ ખટાણા નામની ૩૫ વર્ષની પરણીતાને શ્વાસની બીમારી અને ઓકિસજન ઓછુ હોવાનાં કારણે ગત તા ૨૩ નાં રોજ કુવાડવા ખાતે આવેલી ગીરીરાજ હોસ્પિટલમા દાખલ કરવામા આવી હતી. જયા સારવાર દરમ્યાન પરણીતાનુ મોત નીપજતા પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. ગીરીરાજ હોસ્પિટલનાં તબીબની બેદરકારીનાં કારણે મહીલાનુ મોત નીપજયુ હોવાનુ પરીવારજનોએ આક્ષેપ કર્યો હતો હોસ્પિટલમા મૃતક મહીલાનાં પરીવારજનો અને હોસ્પિટલ સ્ટાફ વચ્ચે રકઝક થઈ હતી. ઘટનાને પગલે કુવાડવા પોલીસ તાત્કાલીક હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી અને તબીબી બેદરકારીનો આક્ષેપ થતા મહિલાનાં મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

ભોમેશ્વરની મહિલા સાથે હજયાત્રાના નામે ટ્રાવેલ્સ સંચાલકે કરી ૬.૧૦ લાખની ઠગાઈ

૩ લાખ ભરવા છતાં નહિ લઈ જનાર શખ્સે વધુ ૩ લાખ પડાવી વધુ નાણાંની માંગણી કરતા ગુનો નોંધાયો

મુખ્ય સમાચાર,રાજકોટ

ભોમેશ્વર વિસ્તારમાં રહેતી મહિલાને હજયાત્રાએ જવું હોય તે બાબતની જાણ તેના ભત્રીજાને કરતા તેણે કહ્યું હતું કે તેના મામા જે ટ્રાવેલ્સ સંચાલક થકી ગયા હતા તેમાં તમે બુકિંગ કરાવજો. આથી વડોદરા સ્થિત ટ્રાવેલસ સંચાલકનો સંપર્ક કરી તેને ત્રણ લાખ આપ્યા હતા છતાં ટ્રાવેલસ સંચાલક તેને હજયાત્રાએ લઈ ગયો ન હતો. ત્યારબાદ ૨૦૨૪ માં ફરી વખત ૩ લાખ આપ્યા હતા છતાં તેને હજ યાત્રાએ મોકલવામાં આવ્યા ન હતા. આ ઉપરાંત ટ્રાવેલસ સંચાલકે વધુ નાણાંની માંગણી કરતા મહિલાએ તેમના નાણા પરત માગ્યા હતા. જે દેવામાં ગલ્લાંતલ્લા કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. શહેરના ભોમેશ્વર પ્લોટમાં રહેતાં જમીલાબેન ઈસ્માઈલભાઈ સોલંકી ઉંમર વર્ષ ૫૦ નામની મહિલાએ બે વર્ષ પહેલા વડોદરાના ભંડારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક સોયેબનો ફોનથી સંપર્ક કરી પેકેજની વાત કરતાં તેણે પહેલા વિઝા સહિતના પેકેજના નામે ૩ લાખ અને બાદમાં બીજા મળી કુલ ૬,૩૫,૦૦૦ મેળવી લઈ હજાયાત્રામાં ન મોકલતાં મહિલાએ રૂપિયા પાછા માંગતા માત્ર ૨૫ હજાર પાછા આપી બાકીના ૬,૧૦,૦૦૦ પાછા ન આપતા આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે મહિલાની ફરિયાદ પરથી વડોદરાના સોયેબ ઈકબાલભાઈ રાણા વિરૂધ્ધ હજયાત્રાના નામે છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધી છે.ભોગ બનેલા મહિલાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું. અમારે વર્ષ ૨૦૨૩ હજયાત્રા એ જવું હોઈ જેથી મારા સગાવ્હાલાને વાત કરી હતી. ત્યારે મારા ભત્રીજાએ વાત કરી હતી કે મારા મામા તેના પરિવાર સાથે ઉમરાહ કરવા ગયા હતાં. તેને વડોદરાના ગોરવામાં બિસ્મીલ્લાહ પાર્ક હુસેની પાર્કમાં આવેલા ભંડારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સવાળાએ પેકેજ આપ્યું હતું. તેણે વ્યવસ્થા પણ સારી ગોઠવી દીધી હતી. આમ કહેતાં મેં આસીફ પાસેથી ફોન નંબર લઈ આ ટુર ટ્રાવેલ્સવાળાને ફોન કરતાં તેણે પોતાનું ના સોયેબ ઈકબાલ રાણા જણાવ્યું હતું. મેં તેને હજયાત્રાની વાત કરતાં તેણે કહેલું કે તમને આ વર્ષે ૨૦૨૩માં જ હજામાં મોકલી આપીશ. એ પછી તેણે એડવાન્સ પેટે ૩ લામ રૂપિયા માંગ્યા હતાં. આ રકમ મેં આરટીજીએસથી ત્રણ કટકે તેને મોકલી હતી. આ પછી તેણે કહેલું કે તમારા વિઝા નથી હજુ તમારે રૂપિયા આપવા પડશે તેમ કહેતાં મેં ભાણીના ખાતામાંથી ૧ લાખ, પડોશીના ખાતામાંથી ૩૫ હજાર, મારા

ખાતામાંથી ૧ લાખ મળી કુલ ૬,૩૫,૦૦૦ સોયેબ રાણાને આપી દીધા હતાં. એ પછી તેણે હજનું પેકેજ મને આપ્યું જ નહોતું. વારંવાર કોન કરવા છતાં તે ગોળ ગોળ જવાબ આપતો હતો. એ પછી મેં જો પેકેજ ન થાય તો મારા રૂપિયા પાછા આપી દેવાનું કહેતાં તેણે ૨૨/૬/૨૪ના રોજ મને માત્ર ૨૫ હજાર પાછા દીધા હતા. બાકીના ૬.૧૦,૦૦૦ આપ્યા નહોતાં. હજુ સુધી આ રકમ આપી ન હોઈ છેતરપીંડી થયાનું જણાતાં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં મહિલાએ કહેતાં ગાંધીગ્રામ પીઆઈ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઈ એ. એસ. મકરાણીએ ગુનો નોંધી આરોપીને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.

રેલનગરમાં પિતા અને ભાઈના વિયોગમાં યુવતીનો આપઘાતનો પ્રયાસ

- માધાપર ગામે પરણિતા પતિ સાથે ફોનમાં વાત કરતાં કરતાં ઝેરી બિસ્કીટ ખાઈ જતાં તબિયત લથડી

મુખ્ય સમાચાર,રાજકોટ

રેલનગર વિસ્તારમાં રહેતી યુવતીએ ભાઈ અને પિતાના વિરહમાં ફીનાઈલ પી લીધું હતું. યુવતીને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે ની વિગત મુજબ રેલનગરમાં આવેલ ભગીની ટાઉનશીપમાં રહેતી નીલમબેન પરસોતમભાઈ કોટડીયા નામની ૩૪ વર્ષની યુવતી રાત્રીના સાડા અગિયારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી લીધું હતું. તેણીને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં નીલમબેન કોટડીયા બે ભાઈ એક બહેનમાં નાની છે અને કેટરર્સમાં કામ કરે છે. ત્રણ વર્ષ પહેલા તેના મોટાભાઈ કેતનનું ટ્રેન હડફેટે અને છ માસ પૂર્વે પિતાનું માધાપર ચોકડી પાસે સીટી બસની ઠોકરે મૃત્યુ થયું હતું પિતા અને ભાઈના વિરહમાં ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં કસ્તુરબા રોડ ઉપર આવેલ બિલખા પ્લાઝામા રહેતી તૃષાબેન જયભાઈ શેઠ નામની ૨૧ વર્ષની પરિણીતા માધાપર ગામે તેના પિતાના ઘરે હતી ત્યારે પતિ સાથે ફોનમાં વાત કરતા કરતા ઝેરી બિસ્કીટ ખાઈ લીધું હતું. પરણિતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજી ડેમ પાસે કાર ડ્રાઈવીંગ શીખતા યુવાને ચણ વેચતા ધંધાર્થીને ઉલાળ્યો

કાર ફૂટપાથ પર ચડી ઝાડ સાથે અથડાઈ; યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

શહેરમાં આજીડેમે કાર ડ્રાઈવીંગ શીખતા યુવાને અકસ્માત સર્જયો હતો. ફૂટપાથ ઉપર ચણ વેચતા ધંધાર્થીને ઉલાળી કાર ઝાડ સાથે અથડાવી દીધી હતી. આ અકસ્માતમાં ચણના ધંધાર્થી યુવાનને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. આજી વસાહતમાં ખોડીયારપરા શેરી નં.૩૮માં રહેતાો અને આજીડેમે ચણ વેચવાનું કામ કરતો સાગર ચમનભાઈ સોલંકી (ઉ.વ.૨૩)નામનો યુવાને આજે સવારે તેની પત્ની સાથે આજીડેમે ચણ વેચતો હતો ત્યારે આજીડેમે કાર શીખી રહેલા યુવાને સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ફૂટપાથ પર ચણ વેચતા હતા ત્યા ચડાવી દઈ સાગરને ઉલાળ્યો હતો. બાદમાં કાર ભીડમાં ઘુસાડી દીધી હતી. અકસ્માતને પગલે ચણ રોડ પર વેર-વિખેર થઈ થઈ હતી. જેમાં સાગર સોલંકીને ઈજા પહોંચતા ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માત સર્જનાર ધ્રુવ રમેશભાઈ ચાવડા હોવાનું અને તે કાર ડ્રાઈવીંગ શીખતા હોવાનું જાણવા મળ્યુ છે. આ અંગે પોલીસે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

ઘરે બતાવીને આવું કહી ગઠીયો ૩.૭૦ લાખના સોનાના બે ચેઈન લઈ ફરાર

ભક્તિનગર પોલીસ મથકમાં વેપારીએ નોંધાવી ફરિયાદ

સોની વેપારીને તેના જુના ગ્રાહકે જ શીશામાં ઉતારી દીધો છે સોનાના બે ચેઈન ઘરે બતાવી પરત આવું છું. કહી ૩.૭૦ લાખના દાગીના લઈ નાસી છુટેલા શખસ સામે ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધવામાં આવી છે. ગુંદાવાડી મેઈન રોડ પર એન.આર.જવેલર્સની ઉપર રહેતાં સંજયભાઈ નીતિનભાઈ રાઘનપુરા ઉ.૪૧એ કશ્યપ કિશોર રામાણી સામે ભક્તિનગર પોલીસમાં છેતરપીંડી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ઘર નીચે જ સોનાનો શોરૂમ ધરાવી વેપાર કરે છે. આરોપી કશ્યપ તેનો જૂનો ગ્રાહક હોવાથી ફરીયાદી તેમને ઓળખે છે દરમિયાન આરોપી ગઈ તા.૦૧-૦૩ના શોરૂમ પર આવ્યો હતો અને સોનાના બે ચેઈન લેવાં છે તેમ કહ્યું હતું. જેથી ૨૨ કેરેટના બે સોનાના ચેઈન વજન ૪૬.૨૩૦ ગ્રામ ૩.૭૦ લાખના તેને બતાવ્યાં હતાં જે બાદ આરોપીએ તે સોનાના ચેઈન ઘરે બતાવવા લઈ જવા છે અને અડધી કલાકમાં પરત આવું છું તેમ કહી ફરિયાદીને વિશ્વાસમાં લઈ દાગીના લઈ જતો રહ્યો હતો જે આજ સુધી પરત ન આવી છેતરપીંડી આચર્યાની ફરિયાદ નોંધાવતા ભક્તિનગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ પી.એસ.ગોહિલ અને સ્ટાફે તપાસ આદરી હતી

ઓનલાઈન ટાસ્ક પૂર્ણ કરવાના બહાને યુવક સાથે ૬.૮૫ લાખની છેતરપિંડી

શરૂઆતમાં ટાસ્ક પુરો કરતા રૂપિયા મળ્યા : સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ગઠિયાઓની તપાસ હાથ ધરી

શહેરના રૈયારોડ વિસ્તારમાં રહેતા યુવકને ટાસ્ક પૂર્ણ કરવાના બહાને ગઠિયાઓએ રૂ.૬.૮૫ લાખની છેતરપીંડી આચરી હોવાની સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. રૈયા રોડના શાંતિ નગર શેરી નં ૨માં રહેતા વિવેક હરેશભાઈ ચુડાસમાએ સાયબર ક્રાઈમ પોલીસમાં વોટ્સએપ નંબર ૬૨૮૩૮૪૪૪૯૨૬૭૧, ટેલીગ્રામ યુઝર નેમ એડધરેટ ટીએમ ગોવરવી તથા રિસેપ્શનિસ્ટ વિકોદ નો ઉપયોગ કરનાર, ફેડરલ બેંક એકાઉન્ટ નંબર ૨૩૦૮૦૧૦૦૦૧૧૬૦૫ ૨૩૦૨૦૧૦૦૦ ૧૧૬૦૫ના ખાતા ધારક અને આઈસીઆઈસીઆઈ બેંક એકા નં ૦૨૭૯૦૫૫૦૦૬૪૦ ના ખાતા ધારક અને ઉપયોગ કરનાર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧ વર્ષ પુર્વે ઉપરોકત અજાણ્યા નંબરમાંથી પાર્ટ ટાઈમ કામ કરી રોજના ૧ હજારથી દોઢ હજાર કમાઈ શકો છો જેમાં મે હા પાડતા સામેવાળાએ ટેલીગ્રામ યુજર ઝખ ઋઋઅટ્ઠઅઠઊઊનો સંપર્ક કરાવેલ જેમાં યુ-ટયુબમાં વિડીયો સબસ્કાઈબ કરવાનુ ટાસ્ક બાબતે જણાવેલ જેમાં વિડીયો સબસ્કાઈબ કરવા રૂ.૫૦ મળશે તેવી લાલચ આપે બાદ શરૂઆતમાં રૂચિયા મળતા હતા.સામેવાળાએ ટાસ્ક વાળા ગ્રુપમાં એડ થવા રૂ.૫૦૦૦ પે કરતા ૭ હજાર મળશે પરંતુ પૈસા પરત ન મળતા અન્ય ટાસ્કો આપી વિવિધ એકાઉન્ટમાં ૬.૮૫ લાખ ટ્રાન્સફર કરાવી લઈ કોઈ રૂપિયા પરત આપી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર રોડ પર બહેનના ઘરે આંટો મારવા આવેલો ભાઈ અગાશી પરથી પટકાતા મોત

અકસ્માત કે આપઘાત? યુવકના મોતનું કારણ જાણવા પોલીસ તપાસ જારી

શહેરના જામનગર રોડ પર માધવ તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા બહેનના ઘરે આટો મારવા આવેલા યુવાનનું અગાસી પરથી પટકાતા મોત નીપજયુ હતુ. યુવાન અકસ્માતે પટકાયો કે આપઘાત તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે બે બહેનના એકના એક ભાઈના મોતથી પરિવાર જનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ આનંદનગર પાસે અજંતા પાર્કમાં રહેતો ધાર્મિક રાજે શભાઈ જોષી (ઉ.વ.૨૫)નામનો યુવાન ગઈકાલે સાંજે જામનગર રોડ પર માધવતીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા તેના બહેન ગયો હતો. દરમિયાન અગાસી ઉપરથી પડી જતા ગંભીર ઈજા થતા ઘટના સ્થળે તેનુ મોત નીપજયુ હતુ. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક ધાર્મિક બે બહેનનો એકનો એક ભાઈ હોવાનું અને કોલેજનો અભ્યાસ પુરો કર્યાનું જાણવા મળ્યુ છે. તેને માનસિક બિમારી હોવાનું પરિવારજનોએ જણાવ્યુ હતુ ધાર્મિક અકસ્માત અગાશી ઉપરથી પડી ગયો કે તેણે આપઘાત કર્યો? એ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વેપારી સાથે સિમેન્ટ પ્લાન્ટ માટે મશીનરી ખરીદી આપવાના બહાને ૫.૫૦ કરોડની છેતરપિંડી

મહારાષ્ટ્રના ઠગ પિતા-પૂત્ર સામે ડીસીબી પોલીસ મથકમાં નોંધાતો ગુનો

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરના સાધુ વાસવાણી રોડ ઉપર આવેલ પ્રદ્યુમન રોયલ હાઈટ્સમાં રહેતા અને રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે નક્ષત્ર હાઈટ્સમાં વાસુકી સિમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ નામે પેઢી ધરાવતા બંકીમભાઈ કાંતિલાલ મહેતા ઉ.૪૦એ મહારાષ્ટ્રના પુણેના જગદીશ ભક્તાવરમલ ચાડાક અને તેના પૂત્ર અદિત જગદીશભાઈ ચાડાક સામે સિમેન્ટ પ્લાન્ટ શરુ કરવા જરૂરી મશીનરી ખરીદી આપવાના બહાને ૫.૫૦ કરોડની છેતરપીંડી આચર્યાની ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યું હતું કે ઉપરોક્ત પેઢીમાં હું ડાયરેક્ટર છું આ પેઢી ૨૦૨૧માં રજનીકાંતભાઈ ઝાલરીયા સાથે શરુ કરી હતી અમારે માળિયા મિયાણાના વરસામેળી ગામે સિમેન્ટ પ્રોડક્શન પ્લાન્ટ શરુ કરવો હોય જેથી જામનગરના સિક્કા ખાતે કમળ સિમેન્ટ ફેક્ટરીમાં નોકરી કરતા જગદીશ સાથે ઓળખાણ થઈ હતી અને તેની કીર્તિ શ્રી ઈન્ડસ્ટ્રીઝ જે તેનો પૂત્ર સંભાળતો હોય તે સિમેન્ટ ગ્રાઈન્ડીન્ગ મશીન બનાવતા હોય જેથી ૨૦૨૧માં મશીનરી ખરીદવા નોટરાઈઝ કરાર કર્યો હતો જેમાં ૧૮૦૦ ટીપીડીનું ઉત્પાદન કરતુ મશીનમાં ઉત્પાદન કરી અમને સોપવા જણાવ્યું હતું

આ કામ પેટે અમે કટકે કટકે ૫.૫૦ કરોડ ચૂકવી દીધા હતા છતાં અમને મશીનરી પૂરી પાડી શક્યા ન હતા બાદમાં અમારા રૂપિયા પરત માંગતા રાજકોટ બોલાવી મીટીંગ યોજી કરાર રદ કરવા જણાવ્યું હતું અને અમારી કંપનીને ૫.૭૫ કરોડ લેવાના થતા હોય જે પેટે ૪૦ લાખ ૧૯ જુલાઈ ૨૦૨૩ સુધીમાં અને બાકીની રકમ ૧૩ ડીસેમ્બર ૨૦૨૩માં આપવાનું નક્કી કર્યું હતું તે પછી તેણે આપેલ ચેક રીટર્ન થતા અમે કોર્ટમાં ફરિયાદ કરી હતી જેમાં અમારા મેનેજર જસ્મીનભાઈ બાલાશંકરભાઈ માઢક કોર્ટ કાર્યવાહી માટે ગત તારીખ ૧૧ માર્ચ ૨૦૨૪ના રોજ જતા ત્યાં બંને મળ્યા હતા અને કેસ પાછો ખેચી લેજો નહિતર તને અને તારા શેઠને જીવતા નહિ રહેવા દઈએ અમે આ લાઈનમાં જુના છીએ તમને સિમેન્ટનો ધંધો પણ નહી કરવા દઉં કહી ધમકી આપી સેબીમાં અમારી કંપની વિરુદ્ધ ખોટા ઈમેઈલ અને પત્રો લખી અમારી પ્રતિષ્ઠાને હાની પહોચાડવાનો પ્રયત્ન કર્યાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

શ્રીરામ સોસાયટીમાં પાણી ઢોળવા મુદ્દે માતા-પુત્રી સહિત ૩ પર પાડોશી મહિલાઓનો હુમલો

- હુમલામાં ઘવાયેલી ત્રણેય મહિલાને સારવાર માટે ખસેડાઇ

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરની ભાગોળે આરટીઓ નજીક આવેલી શ્રીરામ સોસાયટીમાં ઘર પાસે પાણી ઢોળવા પ્રશ્ને ઝઘડો કરી માતા-પુત્રી સહિત ૩ ઉપર પાડોશી મહિલાએ ધોકા-પાઈપ વડે હુમલો કરી મારમારતા ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે બિડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ શ્રી રામ સોસાયટી શેરી નં.૧૧માં રહેતા મમતાબેન રાજુ ભાઈ પરમાર (ઉ.વ.૩૩) તેની પુત્રી કિંજલ (ઉ.વ.૧૨) અને મમતાબેનના સાસુ ભાનુબેન છગનભાઈ પરમાર

(ઉ.વ.૬૦) સવારે ઘર પાસે હતા ત્યારે પાડોશી નાઝામીબેન, હિનાબેન અને ફરઝાનાબેનને ધોકા-પાઈપ વડે હુમલો કરી મારમારતા ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે સિવિલચોકી ના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બિ ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ઘર પાસે પાણી ઢોળવા પ્રશ્ને માથાકૂટ કરતા હુમલો કર્યાનું જણાવ્યું હતુ.